For Community Only

# નમસ્કાર ગુજરાત

USA Edition | Year 3 | Issue 30 | Saturday 30 March 2024 | Page 12

Editor-in-chief **Hiren Vyas** | Executive Editor **Nirav Govani** | Published by news online inc. (Weekly)

read epaper... newsonlinelive.tv



Gadgets ગુરૂ
Vivo T3 5G સ્માર્ટફોન ભારતમાં લોન્ચ... 4

ગુજરાતના ગરબાને 'અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર'.... 7



તાપસી પન્નુએ બોયફ્રેન્ડ સાથે લગ્નના સાત વચનોમાં બંધાઈ ગઈ... 10

## માઈક્રોસોફ્ટના સહ-સંસ્થાપક બિલ ગેટ્સે પ્રધાનમંત્રી મોદીનો ઈન્ટરવ્યૂ લીધો...




# અમારે ત્યાં બાળક જન્મે તો 'I' અને 'AI' બંને બોલે છે

## હું ટેકનોલોજીનો ગુલામ નથી, પાણીના પ્રવાહની જેમ નવી ટેકનિક શોધુ છું અને તેના માટે સતત પ્રયત્ન કરતો રહું છું

### ભારતમાં ડિજિટલના ભાગલા નહીં પડવા દઉં હું લોકોનું માઈન્ડ સેટ બદલવા માગુ છું: મોદી

■ નવી દિલ્લી

આપણા દેશમાં બાળકનો જન્મ થાય ત્યારે 'આઈ' (મા) પણ બોલે છે અને AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) પણ બોલે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ માઈક્રોસોફ્ટના કો-ફાઉન્ડર બિલ ગેટ્સ સાથેની મુલાકાત દરમિયાન આ વાત કહી હતી. આ આખો ઈન્ટરવ્યૂ શુક્રવારે સવારે 9 કલાકે બ્રોડકાસ્ટ થયો. જેની થીમ 'ફ્રોમ એઆઈ ટૂ ડિજિટલ પેમેન્ટ્સ' છે. ન્યૂઝ એજન્સી ANIએ ગુરુવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ ઈન્ટરવ્યૂનો પ્રોમો જાહેર કર્યો હતો. ટીઝરમાં વડાપ્રધાન મોદીની બિલ ગેટ્સ સાથે આર્ટિફિશિયલ ઈન્ટરેલિજન્સ (AI), ડિજિટલ રિવોલ્યૂશન, હેલ્થકેર, એજ્યુકેશન, એગ્રીકલ્ચર, નારી શક્તિ, ક્લાઈમેટ ચેન્જ અને ગવર્નેંસ સહિત અન્ય મુદ્દાઓ પર ચર્ચા કરતા જોવા મળ્યા છે.



### બિલ વિશ્વના 7મા સૌથી પૈસાદાર વ્યક્તિ છે

માઈક્રોસોફ્ટના સહ-સ્થાપક બિલ ગેટ્સ વિશ્વના 7મા સૌથી અમીર વ્યક્તિ છે. ફોર્બ્સ અનુસાર, તેમની કુલ સંપત્તિ 131.3 બિલિયન ડોલર એટલે કે લગભગ 10.94 લાખ કરોડ રૂપિયા છે. બિલ ગેટ્સે 1975માં માઈક્રોસોફ્ટની સ્થાપના કરી હતી. તેઓ 2000 સુધી કંપનીમાં CEOના પદ પર હતા.

**બિલ ગેટ્સ:** તમે જાણો છો કે અમારું ફાઉન્ડેશન ભારતમાં સકારાત્મક પરિણામોથી પ્રોત્સાહિત છે. સાથે અમે તેને અન્ય દેશોમાં પણ લઈ જઈશું.

**PM મોદી:** તમારી વાત સાચી છે, 'જ્યારે હું ઈન્ડોનેશિયામાં G-20 સમિટમાં ગયો હતો, ત્યારે વિશ્વના તમામ દેશોમાં ઉત્સુકતા હતી કે તમે કેવી રીતે ડિજિટલ ક્રાંતિ લાવ્યા છો. પછી હું તેમને સમજાવતો કે લોકતાંત્રિક બનાવી દીધી છે. આના પર કોઈનો એકાધિકાર હશે નહીં. આ જનતાની હશે, જનતા દ્વારા હશે અને જનતામાં ઉભરતી પ્રતિભા તેમાં વેલ્યૂ એડ કરશે. જેનાથી લોકોનો પણ ટેક્નોલોજી પર વિશ્વાસ વધશે. જેમ 10 ડોક્ટર હોય છે, બધા MBBS. પરંતુ એક ડોક્ટર પાસે વધારે લોકો જાય છે. જે જણાવે છે કે તે ડોક્ટરમાં લોકોને વિશ્વાસ છે.

**બિલ ગેટ્સ:** ટેક્નોલોજી ક્ષેત્રે ભારતની થીમ એ છે કે તે દરેક માટે હોવી જોઈએ?

**PM મોદી:** મહિલાઓ ઝડપથી વસ્તુઓને એડોપ્ટ કરે છે. હું તેમની અનુકૂળતા મુજબ તેમની સાથે ટેક્નોલોજીને જોડવા માંગતો હતો. મેં એક કાર્યક્રમ લીધો છે. 'નમો ડ્રોન દીદી અને ત્રણ કરોડ મહિલાઓને લખપતિ દીદી'. હું સાઈકોલોજિકલ ચેન્જ લાવવા ઈચ્છું છું.

**બિલ ગેટ્સ:** ભારત માત્ર ટેક્નોલોજી અપનાવી રહ્યું નથી પણ તેનું નેતૃત્વ પણ કરી રહ્યું છે... એવી કઈ બાબતો છે જેનાથી તમે ઉત્સાહિત છો?

**PM મોદી:** આરોગ્ય, કૃષિ અને શિક્ષણના ક્ષેત્રમાં મેં ગામડાઓમાં 2 લાખ આયુષ્માન આરોગ્ય મંદિરો બનાવ્યા છે. હું આરોગ્ય કેન્દ્રોને આધુનિક ટેકનોલોજીથી મોટી હોસ્પિટલો સાથે જોડું છું. પહેલાં શરૂઆતમાં તેમને લાગ્યું હતું કે ડોક્ટર તો સામે છે, પરંતુ મને તપાસ્યા વિના તે કેવી રીતે જણાવશે? પરંતુ પછી તેમને સમજાયું કે ટેક્નોલોજીની મદદથી સેંકડો કિલોમીટર દૂર બેઠેલો ડોક્ટર પણ તેમને યોગ્ય સારવાર આપી રહ્યો છે. લોકોનો વિશ્વાસ વધી રહ્યો છે. જેટલી સારવાર મોટી હોસ્પિટલમાં થાય છે તેટલી જ નાના આરોગ્ય મંદિરમાં પણ થઈ રહી છે. આ ડિજિટલ પ્લેટફોર્મનો કમાલ છે...હું બાળકો સુધી બેસ્ટ એજ્યુકેશન પહોંચાડવા માગુ છું. ટીચર્સની જે ખામીઓ છે, હું તેને ટેક્નોલોજીથી ભરવા ઈચ્છું છું. બીજુ, બાળકોના ઈન્ટરેસ્ટ વિઝ્યુઅલ્સમાં અને સ્ટોરી-ટેલિંગમાં છે. હું તે પ્રકારના કન્ટેન્ટ બનાવવાની દિશામાં પણ કામ કરું છું. હું અમારે ત્યાં એગ્રીકલ્ચર સેક્ટરમાં પણ ખૂબ જ મોટો ફેરફાર લાવવા ઈચ્છું છું અને લોકોની માનસિકતા બદલવા ઈચ્છું છું.

**બિલ ગેટ્સ:** મને લાગે છે કે ભારત જે વિષયો સાથે સંબંધિત ટેક્નોલોજી લાવી રહી છે. તેમાંથી એક એ છે કે તે બધા માટે અવેલેબલ હોય.

**PM મોદી:** જ્યારે હું ડિજિટલ ડિવાઈડની વાત સાંભળતો હતો,



ત્યારે કહેતો હતો કે હું મારા દેશમાં આવું કશું જ થવા દઈશ નહીં. આજે અમારે ત્યાં ગામડાઓ સુધી ડિજિટલ ફેસિલિટી પહોંચાડવા ઈચ્છું છું. મને લાગે છે કે આ ખૂબ જ મોટું ટાર્ગેટ ગ્રુપ છે. મારા દેશમાં મારો એ અનુભવ છે કે મહિલાઓ નવી વસ્તુઓને ખૂબ જ ઝડપથી સ્વીકારે છે. મેં એક કાર્યક્રમ 'નમો ડ્રોન દીદી' શરૂ કર્યો છે અને તેના દ્વારા મેં બે ટાર્ગેટ નક્કી કર્યા છે - પહેલોઃ હું ભારતના ગામડાઓમાં ત્રણ કરોડ મહિલાઓને લખપતિ દીદી બનાવવા માગુ છું, તે પણ ગરીબ પરિવારમાંથી. હું મનોવૈજ્ઞાનિક પરિવર્તન લાવવા માગુ છું. જેના કારણે હું નાની વસ્તુઓ નહીં પણ મોટા કામ કરવા માગુ છું. બીજોઃ 'ગામની સ્ત્રીઓ- 'ગામની સ્ત્રી એટલે- ભેંસ ચરાવવી, ગાય ચરવી, દૂધ આપવી...પણ એવું નથી. મેં તેમના હાથમાં ટેક્નોલોજી (ડ્રોન) આપી છે. ગામમાં દરેક વ્યક્તિને એવું લાગવું જોઈએ કે આ આપણું ગામ બદલાઈ રહ્યું છે. હું કૃષિને આધુનિક બનાવવા અને તેમને વૈજ્ઞાનિક બનાવવા માગુ છું. તેથી જ મેં ડ્રોન દીદીનો સફળ કાર્યક્રમ શરૂ કર્યો. આ દિવસોમાં જ્યારે હું ડ્રોન દીદી સાથે વાત કરું છું, ત્યારે તેઓ ખૂબ જ ખુશ થાય છે અને કહે છે કે અમને સાઈકલ કેવી રીતે ચલાવવી તે આવડતું ન હતું, આજે અમે પાયલટ બની ગયા છીએ, ડ્રોન ઉડાવીએ છીએ. વિચારવાની રીત બદલાઈ ગઈ છે.

**બિલ ગેટ્સ:** તમે AIનો ઉપયોગ કેવી રીતે કરો છોઃ

**PM મોદી:** મેં G20માં AIનો ઘણો ઉપયોગ કર્યો, મેં AI સાથે સમગ્ર G20 પરિસરમાં તમામ દુભાષિયા (અનુવાદકો) ગોઠવવા માટે AIનો ઉપયોગ કર્યો, મેં મારા તમામ ડ્રાઈવરોને તેમના મોબાઈલ ફોન પર એપ ડાઉનલોડ કરવા માટે કહ્યું, તેમની સાથે આવેલાં ગેસ્ટ પાસે પણ એપ ડાઉનલોડ કરાવડાવી. માની લો કે તેઓ ફ્રેન્ચ ભાષાની વ્યવસ્થા હતી. ડ્રાઈવરને તેઓ ફ્રેન્ચમાં બોલતા હતા, ડ્રાઈવર પોતાની ભાષામાં સાંભળતા હતા અને પોતાની જ ભાષામાં જવાબ આપતા હતા. એટલે ડ્રાઈવર સાથે કમ્યુનિકેશનને કોઈપણ ભાષામાં કરી શકાતું હતું. મેં એક પ્રયોગ કર્યો, હું કાશી-તમિલ સંગમમાં એક કાર્યક્રમ કરું છું ત્યાં તમિલ લોકો આવ્યા હતા. તમિળ ભાષા હું બોલી શકતો નથી. એટલે મેં AIનો ઉપયોગ કર્યો. હું હિન્દીમાં બોલું અને બધાએ મારું ભાષણ તમિળમાં સાંભળ્યું. PMએ નમો એપમાં બિલ ગેટ્સને સેલ્ફી લેવા માટે કહ્યું અને તેમને બતાવ્યું કે કઈ રીતે તેમાં AIનો ઉપયોગ કર્યો છે.

**બિલ ગેટ્સ:** ભારતનો ઈતિહાસ જ પર્યાવરણને અનુકૂળ રહ્યો છે, જેને હાલના સમય સાથે ઘણોખરો જોડી શકાય છે.

**PM મોદી:** પીએમે પોતાનું જેકેટ બતાવીને કહ્યું, આ જેકેટ રિસાઈકલ મટિરિયલમાંથી બન્યું છે. તેમણે કહ્યું, અમે પ્રગતિના પેરામીટર ક્લાઈમેટ ફ્રેન્ડલી બનાવ્યા હતા, આજે અમારી પ્રગતિના બધા જ પેરામીટર એન્ટિ-ક્લાઈમેટ છે. લોકોને એજ્યુકેટ કરતા રહો અને તેમને સાથે લઈને ચાલો.



# દુનિયામાં વર્ષે વ્યક્તિદીઠ 79 કિલો અન્નનો વેડફાટ

## 78 કરોડ ભૂખમરાંથી પીડિત, UNનો ડરામણો રિપોર્ટ, ગરીબોને એક ટંક ખાવાનો ખોરાક પણ મળતો નથી

■ જીનિવા

૨૦૨૨માં દુનિયામાં પેદાં કરવામાં આવેલાં અન્નમાંથી અંદાજે ૧૯ ટકા એટલે કે ૧.૦૫ અબજ મેટ્રિક ટનનો વેડફાટ થયો હતો તેમ યુનાઈટેડ નેશન્સના નવા અહેવાલમાં જણાવ્યું હતું. તેમાં પણ સૌથી વધારે ૬૦ વેડફાટ ઘરોમાં થતો જોવા મળ્યો હતો જ્યારે રેસ્ટોરાં અને ફૂડ સર્વિસમાં આશરે ૨૮ ટકા અન્નનો વેડફાટ થયો હતો. બીજી તરફ દુનિયામાં હાલ ૭૮.૩ કરોડ લોકો ભૂખમરાનો સામનો કરી રહ્યા છે. તાજેતરમાં યુએન પર્યાવરણ કાર્યક્રમના અન્ન બગાડ ઈન્ડેક્સ અહેવાલને બુધવારે પ્રકાશિત કરવામાં આવ્યો હતો. જેમાં ૨૦૩૦ સુધીમાં અન્નનો બગાડ ઘટાડીને અડધો કરવાના વિવિધ દેશોના પ્રયાસો પર નજર રાખવામાં આવે છે. ૨૦૨૧માં પ્રકાશિત અહેવાલમાં જણાવાયું હતું કે ૨૦૧૯માં દુનિયામાં પેદાં થયેલાં અન્નના ૧૭ ટકા અથવા ૯૩.૧ કરોડ મેટ્રિક ટન અન્નનો બગાડ થયો હતો. જો કે, બંને અહેવાલોના આંકડાની સીધી સરખામણી કરવી યોગ્ય નથી કેમ કે ઘણાં દેશોમાંથી પૂરતો ડેટા મળ્યો નથી.



## દુનિયામાં 78.3 કરોડ લોકો ભૂખમરાથી પીડિત

યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ-યુએનઈપી એન આંતરરાષ્ટ્રીય સખાવતી સંસ્થા  વેસ્ટ એન્ડ રિસોર્સ એક્શન પ્રોગ્રામ -ડબલ્યુઆરએપી- દ્વારા સંયુક્ત રીતે આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. સંશોધકોએ દરેક દેશની માહિતીને ત્રણ શ્રેણીમાં વહેંચી કાઢી હતી જેમાં ઘરોમાં, ફૂડ સર્વિસ અને છૂટક વેચાણદારો દ્વારા થતાં વેડફાટની ગણતરી માંડવામાં આવી હતી. સંશોધકોના વિશ્લેષણ અનુસાર ઘરોમાં સૌથી વધારે વ્યક્તિ દીઠ વર્ષે ૭૯ કિલો અન્નનો બગાડ થયો હતો. જે દુનિયામાં દરરોજ એક અબજ ભોજન સમાન છે. ઘરોમાં ૬૦ ટકા, ફૂડ સર્વિસમાં  અથવા રેસ્ટોરાંમાં આશરે ૨૮ ટકા અને આશરે બાર ટકા અન્નનો બગાડ છૂટક વેચાણકારો દ્વારા થયો હતો. દુનિયામાં જ્યારે ૭૮.૩ કરોડ લોકો ભૂખમરાનો સામનો કરી રહ્યા છે. મિથેન સહિત ઘણાં ગ્રીન હાઉસ ગેસ પેદા થાય છે.

### કેન્યામાં દર વર્ષે ૪૪.૫ લાખ ટન અનાજનો બગાડ

નાઈજિરિયા અને કેન્યામાં થતાં અન્નના બગાડને અટકાવવા માટે થતાં પ્રયાસોનો અભ્યાસ કરતાં સંશોધક ફદીલા જુમારે જણાવ્યું હતું કે જે લોકોને આરોગ્યપ્રદ ખોરાક મળતો નથી તેમના માટે આ સમસ્યા વધારે ઘેરી છે. માનવતાની નજરે અન્નનો બગાડ એટલે ગરીબો માટે એટલો ઓછો ખોરાક. અહેવાલમાં જણાવ્યું હતું કે ઘણી સરકારો તથા સંસ્થાઓ જાહેર અને ખાનગી પાર્ટનરશિપ દ્વારા અન્નના બગાડને અટકાવવા માટે પ્રયાસો કરી રહ્યા છે. સરકારો અને મ્યુનિસિપાલિટીઓ ફૂડ સપ્લાય ચેઈન બિઝનેસ સાથે સહકાર સાધી  બિઝનેસને અન્નનો બગાડ અટકાવવાના પગલાં ભરવા બાધ્ય બનાવે છે. અન્નની પુનઃ વહેંચણીનું કામ પણ ફૂડ બેન્ક અને સખાવતી સંસ્થાઓ દ્વારા કરવામાં આવે છે.

નમસ્કાર ગુજરાત
INDIA - USA - UK
NEW ZEALAND - AUSTRALIA

આપ આપના શહેરની પ્રેસનોટ અથવા કાર્યક્રમની માહિતી અથવા ફોટો અમને અમારા નીચેના ઇ-મેલ આઇડી પર મોકલી શકો છો.
**namashkargujarat@gmail.com**

**Publisher & Editor-in-Chief**
Hiren Vyas
+91 98982 65678

**Executive Editor Marketing USA**
Nirav Govani
+1 (312) 686-5974

**Design**
Farhan Ajmerwala

**California Representative**
Ramanlal Patel
+1 (909) 205-6442

**Spl. Correspondent**
Sandip Hirpara
+91 90338 36330

**USA Office**
607, Burgess ct., Schaumburg, Illinois - 60194.

**Marketing India**
Mohit Hemilton +91 98799 18199
Het Vyas +91 95370 31696

**For Advertisement**
namashkargujarat@gmail.com

**India Office** 10th Floor, Shivalik Complex, Opp. Bank of Baroda, Panchvati Circle, Ambawadi, Ahmedabad - 380015.


**Disclaimer :** Namaskar Gujarat make no warranties or responsible as to the accuracy of the content and assumes no liability or responsibility for any error or omission in the content. Namaskar Gujarat is not responsible or liable for any claims made in advertisements or classifieds.Any question or comments concering advertisement or classifieds within this newspaper should be directed to the advertiser.The views,advice,opinions,and information in letters to the editor,analysis section,legal section or any other article in this publication are those of the writers and do not necessarily represent those of Namaskar Gujarat. All editorial rights reserved to News Online Cable Broadcasting Pvt. Ltd. Ahmedabad.

### ચીનના બીજિંગમાં 16,000 કિલોમીટરમાં 91 અબજોપતિ છે

# મુંબઈ એશિયાના અબજોપતિઓનું પાટનગર બન્યું, 271 બિલિયોનર

## અહીં એક જ વર્ષમાં 26 અબજોપતિની સંપત્તિ 47% વધી, ચીનના બીજિંગને પાછળ છોડીને મુંબઈ નંબર 3 બન્યું

■ મુંબઈ



ભારતની આર્થિક રાજધાની મુંબઈ એશિયાની અબજોપતિની રાજધાની બની ગઈ છે. મુંબઈએ પહેલીવાર ચીનની રાજધાની બીજિંગને પછાડીને આ સ્થાન પ્રાપ્ત કર્યું છે. અહીં 603 સ્કવેર કિલોમીટરનાં વિસ્તારમાં 92 અબજોપતિ રહે છે, જ્યારે બીજિંગના 16,000 કિલોમીટરમાં 91 અબજોપતિ છે. હુરુન રિસર્ચની 2024 ગ્લોબલ રિચ લિસ્ટના જણાવ્યા પ્રમાણે છેલ્લા એક વર્ષમાં મુંબઈમાં 26 નવા લોગો અબજોપતિ બન્યા છે, જ્યારે બીજિંગમાં આ દરમિયાન 18 લોકો આ લિસ્ટમાંથી બહાર થઈ ગયા છે. ચીનમાં 814 બિલેનિયર રહે છે, જ્યારે ભારતમાં 271 બિલિયોનર છે.

**ન્યૂયોર્ક અને લંડન પછી દુનિયામાં ત્રીજા સ્થાને મુંબઈ હવે** ગ્લોબલી આ લિસ્ટમાં ત્રીજા સ્થાને પહોંચી ગયું છે. પહેલા નંબર પર ન્યૂયોર્ક છે, અહીં 119 બિલેનિયર રહે છે, જ્યારે લંડન બીજા નંબર પર છે, અહીં 97 લોકો અબજોપતિ છે. બિલેનિયર એવા લોકોને કહેવામાં આવે છે જેમની પાસે 1 બિલિયન ડોલર એટલે લગભગ 8,333 કરોડ રૂપિયાથી વધારે સંપત્તિ છે.

### દેશના 92 લોકો પાસે 445 બિલિયન ડોલરની સંપત્તિ હોવાનો કરાયો દાવો

રિપોર્ટ પ્રમાણે, મુંબઈના ટોટલ 92 લોકોની સંપત્તિ એક વર્ષમાં 47% વધીને 445 બિલિયન ડોલર થઈ ગઈ છે. ત્યાં જ, ચીનની રાજધાનીમાં બિલેનિયરોની વેલ્થ 28% ઘટીને 265 બિલિયન ડોલર રહી ગઈ છે.

### દુનિયાના ટોપ 20 અમીરોમાં 2 ભારતીય

ભારતમાં હાલ 271 બિલેનિયર્સ છે. પરંતુ, દુનિયાના ટોપ 20 અમીરોમાં માત્ર બે ભારતીય છે. તેમાં, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી 9.43 લાખ કરોડ રૂપિયાની સંપત્તિ સાથે 11મા સ્થાને છે. ત્યાં જ, અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણી આ લિસ્ટમાં 18મા સ્થાને છે, તેમની પાસે 6.73 લાખ કરોડ રૂપિયાની સંપત્તિ છે.

### દુનિયાના ટોપ અરબપતિ

| | |
|---|---|
| બર્નાર્ડ અર્નોલ્ટ | 18.75 લાખ કરોડ |
| જેફ બેઝોસ | 16.48 લાખ કરોડ |
| એલન મસ્ક | 16.14 લાખ કરોડ |
| માર્ક ઝકરબર્ગ | 14.70 લાખ કરોડ |
| લેરી એલિસન | 12.96 લાખ કરોડ |
| વોરેન બફેટ | 11.28 લાખ કરોડ |
| બિલ ગેટ્સ | 10.91 લાખ કરોડ |
| સ્ટીવ બાલ્મર | 10.42 લાખ કરોડ |
| સર્ગેઈ બ્રિન | 10.03 લાખ કરોડ |
| મુકેશ અંબાણી | 9.43 લાખ કરોડ |
| ગૌતમ અદાણી | 6.73 લાખ કરોડ |

## અદાણીએ વધુ એક પોર્ટ ખરીદ્યું 3080 કરોડ રુપિયામાં ડીલ

■ નવી દિલ્હી

ગૌતમ અદાણીની કંપની અદાણી પોર્ટ્સે વધુ એક પોર્ટ ખરીદ્યું છે. એક્સચેન્જ પર જાહેર કરવામાં આવેલી માહિતીમાં, કંપનીએ કહ્યું કે તેણે ગોપાલપુર પોર્ટ્સમાં 95% હિસ્સો ખરીદ્યો છે. આ ડીલ 3080 કરોડ રૂપિયામાં થઈ છે. અદાણી પોર્ટ્સનું આ 14મું પોર્ટ હશે. અદાણી પોર્ટ્સે શાપૂરજી પલોનજી પોર્ટ મેન્ટેનન્સ પ્રાઈવેટ લિમિટેડ પાસેથી 56% હિસ્સો ખરીદ્યો છે. શાપૂરજી પલોનજી પોર્ટ મેન્ટેનન્સ પ્રાઈવેટ લિમિટેડ એ શાપૂરજી પલોનજી ગ્રુપનો જ એક ભાગ છે. આ સિવાય અદાણી પોર્ટ્સે ઓરિસ્સા સ્ટીવડોર્સ લિમિટેડ પાસેથી 39% હિસ્સો ખરીદ્યો છે. આ પોર્ટ પર ઘણા પ્રકારના ડ્રાય બલ્ક અને બ્રેક બલ્ક કાર્ગોનું સંચાલન કરવામાં આવે છે. તે ડીપ ડ્રાફ્ટ, મલ્ટિ-કાર્ગો પોર્ટ છે. તે લોખંડ, કોલસો, ચૂનાના પત્થર, ઈલમેનાઈટ રેતી અને એલ્યુમિનિયમ સહિત ડ્રાય બલ્ક કાર્ગોના વિવિધ મિશ્રણને સંભાળે છે.

## ડુંગળી નિકાસ પ્રતિબંધથી ખેડૂતો નિરાશ

### કેન્દ્ર સરકાર આ વર્ષે પાંચ લાખ ટન રવી ડુંગળી ખરીદશે

■ મુંબઈ

ડુંગળીની નિકાસ બેમુદત લંબાવાતા દેશની વિવિધ મંડીઓમાં ડુંગળીના ભાવ ઘટી જતા ખેડૂતો તરફથી ઊભા થયેલા વિરોધને ધ્યાનમાં રાખી ખુલ્લા બજારમાંથી કાંદાની ખરીદી શરૂ કરવા સરકારે ખાતરી ઉચ્ચારી છે. ખેડૂતોના હિતોને જાળવવા આગામી બે-ત્રણ દિવસમાં રવી કાંદાની ખરીદી શરૂ કરાશે. અંદાજે પાંચ લાખ ટન કાંદાની ખરીદી કરાશે એમ સરકાર વતિ જણાવાયું છે. દેશના કેટલાક શહેરોમાં ઊંચા ભાવને ધ્યાનમાં રાખી સરકારે ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ બેમુદત સુધી લંબાવવા ગયા સપ્તાહમાં નિર્ણય કર્યો હતો. ભારત ડુંગળીનો સૌથી મોટો નિકાસકાર દેશ છે. નિકાસ પર ૩૧મી માર્ચ સુધી પ્રતિબંધ મૂકયો હતો, કાંદાની નિકાસ પરના પ્રતિબંધથી ટ્રેડરોને અસર થાય છે નહીં કે ખેડૂતોને. મહારાષ્ટ્રમાં કાંદાના સરારેશ ભાવ પ્રતિ કિલો ૧૩થી ૧૫ બોલાઈ રહ્યા છે. જે ગયા વર્ષના સ્તર કરતા લગભગ બમણા છે.

## અદાણી ગ્રુપની 'કચ્છ કોપર'એ પ્રોડક્શન શરૂ કર્યું

■ કચ્છ

અદાણી ગ્રુપની કંપની 'કચ્છ કોપર'એ મુન્દ્રા સ્થિત ગ્રીનફિલ્ડ કોપર રિફાઈનરી પ્રોજેક્ટમાં ઉત્પાદન શરૂ કર્યું છે. કંપનીએ આ રિફાઈનરીમાંથી કેથોડની પ્રથમ બેચ પણ ગ્રાહકોને મોકલી છે. આ સાથે ગ્રુપે મેટલ ઈન્ડસ્ટ્રીમાં પણ પહેલું પગલું ભર્યું છે. અદાણી ગ્રુપે આ પ્લાન્ટમાં 1.2 બિલિયન ડોલર (લગભગ રૂ. 10,008 કરોડ) નું રોકાણ કર્યું છે. આ કોપર સ્મેલ્ટિંગ પ્લાન્ટ બે તબક્કામાં પૂર્ણ થવાનો છે, જેમાં પ્રથમ તબક્કામાં 5 લાખ ટન તાંબાનું વાર્ષિક ઉત્પાદન થશે. બીજા તબક્કામાં, સમાન ક્ષમતા (વાર્ષિક 5 લાખ ટન) સાથેનો બીજો પ્લાન્ટ બનાવવામાં આવશે. તેનો અર્થ એ કે, 1 મિલિયન ટનના કુલ વાર્ષિક ઉત્પાદન સાથે, તે એક જ સ્થાને સ્થિત વિશ્વનું સૌથી મોટું મેટલ સ્મેલ્ટર હશે.કંપનીએ તેની એક્સચેન્જ ફાઈલિંગમાં આજે એટલે કે ગુરુવાર, 28 માર્ચે આ માહિતી આપી છે. કચ્છ કોપરે જણાવ્યું હતું કે આનાથી 2,000 પ્રત્યક્ષ અને 5,000 પરોક્ષ નોકરીઓ માટેના વિકલ્પો ખુલશે.

## NEWS FILE

### GIFT IFSCને 'ગ્લોબલ ફાયનાન્સ હબ' તરીકે વિકસાવાશે



ગાંધીનગરઃ ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસ સેન્ટરને 'ગ્લોબલ ફાઈનાન્સ એન્ડ એકાઉન્ટિંગ હબ' તરીકે વિકસાવવા માટેની નિષ્ણાત સમિતિએ 26મી માર્ચ 2024ના રોજ ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસ સેન્ટર ઓથોરિટી (IFSCA)ના અધ્યક્ષને તેનો અહેવાલ સુપરત કર્યો છે. 18મી જાન્યુઆરી એ નાણા મંત્રાલય દ્વારા જારી કરાયેલ સૂચના હેઠળ નિષ્ણાત સમિતિની રચના કરવામાં આવી હતી જેમાં કલમ 3(1)(e)(xiv) હેઠળ બુક-કીપિંગ, એકાઉન્ટિંગ, ટેક્સેશન અને નાણાકીય ગુના અનુપાલનને 'નાણાકીય સેવાઓ' તરીકે સૂચિત કરવામાં આવ્યા હતા.

### ભાગેડુ નીરવ મોદીને ઝટકો, લંડનનો બંગલો પણ વેચાશે

લંડનઃ કોર્ટે PNB કૌભાંડના આરોપી ભાગેડુ નીરવ મોદીનો સેન્ટ્રલ લંડનના મેરીલેબોનમાં આવેલો આલીશાન બંગલો વેચવાની મંજૂરી આપી છે. સુનાવણી દરમિયાન જસ્ટિસ માસ્ટર જેમ્સ બ્રાઈટવેલે કહ્યું કે આ બંગલો 5.25 મિલિયન બ્રિટિશ પાઉન્ડ (લગભગ 55 કરોડ રૂપિયા)થી ઓછી કિંમતમાં વેચી શકાય નહીં. નીરવ મોદીનો આલીશાન બંગલો જેને લંડaન હાઈકોર્ટે વેચવાનો આદેશ આપ્યો છે તે 2017માં એક ટ્રસ્ટને આપવામાં આવ્યો હતો.નીરવ મોદી હાલમાં બ્રિટનની થેમસાઈડ જેલમાં બંધ છે.

### FCI પાસે ઘઉંનો સ્ટોક ઘટીને 16 વર્ષની નીચી સપાટીએ



નવી દિલ્હી : ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા છેલ્લા બે વર્ષથી ઓછી ખરીદી અને ઓપન માર્કેટમાં અનાજના આક્રમક વેચાણને કારણે ચાલુ નાણાકીય વર્ષમાં કેન્દ્રીય પૂલમાં ઘઉંનો સ્ટોક ઘટીને ૭.૭૩ મિલિયન ટનના ૧૬ વર્ષની નીચી સપાટીએ ઉતરી આવ્યો હતો.છેલ્લી વખત ઘઉંનો સ્ટોક ૨૦૦૮માં વર્તમાન સ્તરથી નીચે હતો તે વખતે ઘટીને ૫.૮ મિલિયન ટન થઈ ગયો હતો. સરકારી એજન્સીઓ દ્વારા લઘુત્તમ ટેકાના ભાવ કામગીરી હેઠળની ખરીદી ૨૦૨૨-૨૩ની સીઝનમા ઘટીને ૧૮.૮ મિલિયન ટનની રેકોર્ડ નીચી સપાટીએ આવી ગઈ હતી.

# ભારતના GDP ગ્રોથના આંકડા પર ઉઠ્યા સવાલ!

« હાઈપ ઊભું કરવાનું બંધ કરો: રઘુરામ

### દેશમાં માળખાકીય સમસ્યાઓ છે, જેને ઠીક કરવી જરૂરી છે

■ મુંબઈ

રિઝર્વ બેંકના ભૂતપૂર્વ ગવર્નર રઘુરામ રાજને દેશના અર્થતંત્રના વિકાસ દર પર સવાલો ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે ભારત જીડીપી ગ્રોથ અંગેના હાઈપમાં વિશ્વાસ કરીને મોટી ભૂલ કરી રહ્યું છે. રઘુરામ રાજનના મતે દેશમાં મહત્વપૂર્ણ માળખાકીય સમસ્યાઓ છે જેને ઠીક કરવાની જરૂર છે. ચૂંટણી બાદ નવી સરકાર સામે સૌથી મોટો પડકાર કર્મચારીઓના શિક્ષણ અને કૌશલ્યમાં સુધારો કરવાનો છે. રઘુરામ રાજને કહ્યું- વૃદ્ધિ વાસ્તવિક છે તે સાબિત કરવા માટે આપણે હજુ ઘણા વર્ષો સુધી સખત મહેનત કરવી પડશે. આ એવી વસ્તુ છે જે રાજકારણીઓ ઈચ્છે છે કે તમે માનો. તેઓ ઈચ્છે છે કે તમે માનો કે આપણે વૃદ્ધિ હાંસલ કરી છે. પરંતુ તે ભારત માટે ગંભીર ભૂલ હશે. મને લાગે છે કે આ સંભવિત દુર્ઘટના છે જેનો આપણે સામનો કરીએ છીએ. ભારતે વર્કફોર્સને વધુ રોજગાર યોગ્ય બનાવવાની અને તેની પાસે રહેલા વર્કફોર્સ માટે રોજગારીનું સર્જન કરવાની જરૂર છે.



### વિકાસગાથાની અતિશયોક્તિ થઇ રહી છે!

2047 સુધીમાં ભારતને વિકસિત દેશ બનાવવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ધ્યેયને નકારી કાઢતા રઘુરામ રાજને કહ્યું કે જો તમારા બાળકોને ઉચ્ચ શાળાના શિક્ષણની પહોંચ ન હોય અને ડ્રોપ આઉટનો દર ઘણો ઊંચો હોય, લક્ષ્યોને હાંસલ કરવાનો કોઈ રસ્તો નથી. આ વાત કરવી નકામી છે.

### વર્કફોર્સને વધુ રોજગાર યોગ્ય બનાવવું જરૂરી

ભૂતપૂર્વ ગવર્નરે કહ્યું કે ભારતમાં કર્મચારીઓની સંખ્યા વધી રહી છે, પરંતુ આ ડિવિડન્ડ બધાને આપવામાં આવશે, તેમને રોજગારની સારી તકો મળશે. મને લાગે છે કે આ સંભવિત દુર્ઘટના છે જેનો આપણે સામનો કરીએ છીએ. ભારતે વર્કફોર્સને વધુ રોજગાર યોગ્ય બનાવવાની અને તેની પાસે રહેલા વર્કફોર્સ માટે રોજગારીનું સર્જન કરવાની જરૂર છે.

## તંત્રીસ્થાનેથી...

# દેશમાં વધતો ધુમાડો, લોકોના સ્વાસ્થ્ય માટે મોતનો ખતરો



**ભારત** પોતાને વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થાઓમાંની એક તરીકે ગર્વ કરે છે પરંતુ વિશ્વના સૌથી પ્રદૂષિત દેશમાંથી એક તરીકે તેની પ્રતિષ્ઠા તેના પર ભારે પડી રહી છે. વૈશ્વિક હવાની ગુણવત્તા પર સ્વિસ સંસ્થા IQAir દ્વારા બહાર પાડવામાં આવેલા રિપોર્ર્ટ અનુસાર, ભારત બાંગ્લાદેશ અને પાકિસ્તાન પછી વિશ્વનો ત્રીજો સૌથી પ્રદૂષિત દેશ છે. આ રેન્કિંગ હવામાં ૨.૫ માઈક્રોન અથવા તેનાથી ઓછા કણોની ઘનતા (પીએમ ૨.૫) પર આધારિત છે. આ ફેફસાં અને હૃદયના રોગો તેમજ કેન્સર અને અકાળ મૃત્યુ સાથે જોડાયેલું પરિબળ છે. ઈ. સ.૨૦૨૩ માં ભારતની વાર્ષિક પીએમ ઘનતા જે બાંગ્લાદેશના ૭૯.૯ મિલિગ્રામ પ્રતિ ઘન મીટર અને પાકિસ્તાનની ૭૩.૭ મિલિગ્રામ પ્રતિ ઘન મીટર કરતાં ઓછી છે. ભારતના રેન્કિંગ વિશે આશ્ચર્યજનક વાત એ છે કે તે ઈ. સ. ૨૦૨૨માં આઠમા સ્થાને હતું ત્યાંથી ૨૦૨૩માં ત્રીજા સ્થાને આવી ગયું છે. ધૂમાડો વધતો જ જાય છે. ભારતને પ્રદુષિત દેશ તરીકે સૌથી પહેલા સ્થાનમાં આવતા પણ બહુ વાર નહીં લાગે. એનું કારણ એ છે કે સામાન્ય નાગરિકનું હજુ એ તરફ ધ્યાન નથી. જે જે મહાનગરોમાં લોકો શ્વાસ અને ફેફસાના દરદીઓ બનવા લાગ્યા છે તેમને તેમના ડોક્ટરોએ કહી દીધું છે કે આ નગરમાં વસવાટ તમારા માટે યોગ્ય નથી, કારણ કે અહીં હવે જીવનધારા ઝાંખી થવા લાગી છે. પરંતુ ડોક્ટરોના કહેવાથી કોઈ નાગરિક શહેર છોડી દે એવું બનતું નથી સમય અને સંયોગોમાં ફસાઈ ગયેલા નગરજનો ક્યાંય જઈ શકતા નથી. એનું સૌથી મોટું ઉદાહરણ પાટનગર નવી દિલ્હી છે. બીજે જવાની વાત તો ઠીક છે, અધિકારીઓ પોતાની બદલી માટેની દરખાસ્ત પણ કરતા નથી, કારણ કે તેઓ એક ને એક ઘરેડમાં ટેવાઈ ગયા હોય છે. ભારતમાં રાજનેતાઓના અગ્રતાક્રમોમાં ક્યાંય હવાનું પ્રદૂષણ આવતું નથી કારણ કે એ લોકોને ખ્યાલ જ નથી કે આપણા દેશમાં ગરીબી અને બેકારી કે મોંઘવારી જેવો જ અસ્તિત્વનો સૌથી મોટો સંઘર્ષ હવાના પ્રદૂષણને કારણે ઉભો થઈ રહ્યો છે. એ પણ નોંધનીય છે કે અન્ય બે દેશોથી વિપરીત, ભારતની પીએમ ઘનતા ૨૦૨૧થી ઘટી છે. તે સમયે તે સ્તર ૫૮.૧ મિલિગ્રામ પ્રતિ ઘન મીટર હતું. આમ હોવા છતાં, વિશ્વના ૫૦ સૌથી પ્રદૂષિત શહેરોમાંથી ૪૨ ભારતમાં છે. નવી દિલ્હી સતત બીજા વર્ષે વિશ્વની સૌથી પ્રદૂષિત રાજધાની તરીકે ઉભરી આવ્યું છે અને ઈ. સ. ૨૦૨૨ થી તેનું પ્રદર્શન સતત ખરાબ થઈ રહ્યું છે. આ આંકડો એવા લોકો માટે બિલકુલ ચોંકાવનારો નથી કે જેઓ શહેરી ભારતમાં રહે છે અને શ્વાસ લેવામાં તકલીફને કારણે દરરોજ ડાક્ટરોની મુલાકાત લેવી પડે છે અથવા જેઓ સતત શહેરોના પ્રદૂષિત વાતાવરણમાં રહેવાથી ટેવાઈ ગયા છે અને એના વિકલ્પો પર વિચાર કરવાની ક્ષમતા જ ગુમાવી દીધી છે, એવા લોકો માટે ખરેખર આ સ્થિતિ નવી નથી. IQAirlt અહેવાલ મુજબ, ૧.૩૬ અબજ ભારતીયો, અથવા કુલ વસ્તી કરતાં સહેજ ઓછા, એવા વાતાવરણમાં રહે છે જ્યાં પીએમ સાંદ્રતા વિશ્વ આરોગ્ય સંસ્થાની ૫ મિલિગ્રામ પ્રતિ ઘન મીટરની માર્ગદર્શિકા કરતાં ઓછી છે. આ યાદીમાં બિહારનું બેગુસરાય ટોપ પર છે.

ઈ. સ. ૨૦૨૨માં, આ શહેરનો આ સૂચિમાં સમાવેશ કરવામાં આવ્યો ન હતો પરંતુ વાર્ષિક સરેરાશ વાંધાજનક ઘનતા ૧૧૮ પ્રતિ ઘન મીટર કરતાં વધુ હોવાનો અંદાજ છે. ગુવાહાટીમાં તે પ્રદૂષણ ઈ. સ. ૨૦૨૨ના સ્તરથી બમણું થઈ ગયું છે. અશ્મિભૂત ઈંધણને બાળવું એ પ્રદૂષણનો એક મુખ્ય સ્રોત હોવાથી, દેશમાં નબળી હવાની ગુણવત્તા એ પણ દર્શાવે છે કે નવીનીકરણીય ઉર્જા અપનાવવા માટે પૂરતા પ્રયત્નો કરવામાં આવી રહ્યા નથી. આ સ્થિતિ ભવિષ્યમાં આર્થિક વિકાસની ગતિને લગતી સમસ્યા પણ સૂચવે છે. થર્મલ પાવર પ્લાન્ટ હજુ પણ દેશના કુલ વીજળી ઉત્પાદનમાં ૭૦ ટકા હિસ્સો ધરાવે છે. તાજેતરમાં જાહેર કરાયેલ રૂફટોપ સોલાર પ્રોજેક્ટ જેવા મોટા પ્રોજેક્ટ્સમાં પણ પરિસ્થિતિમાં મોટો ફેરફાર લાવવાની ક્ષમતા છે, પરંતુ આ માટે પાવર સંબંધિત નીતિઓમાં પણ મહત્વપૂર્ણ ફેરફારો કરવા પડશે. આ સાથે વાયુ પ્રદૂષણના સંદર્ભમાં દિલ્હીનું ટોચનું સ્થાન દર્શાવે છે કે આપણે પાકના અવશેષોને બાળવા અંગે કોઈ નક્કર નીતિગત ઉકેલ શોધી શક્યા નથી.જેના કારણે દેશના લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહી છે.

# રશિયાની રાજધાની મોસ્કોમાં હુમલો; પુતિન-અસદની દોસ્તી રશિયનોને ભારે પડી

## વિચાર મંથન

**રશિયાની** રાજધાની મોસ્કોના ક્રોકસ સિટી હોલમાં થયેલા આતંકવાદી હુમલાએ આખી દુનિયાને ચોંકાવી દીધી છે. સિટી હોલમાં રશિયાના લોકપ્રિય બેન્ડ પિકનિકના જલસા પહેલાં આર્મીના યુનિફોર્મ પહેરીને આવેલા પાંચ આતંકવાદી ઘૂસી ગયા. ક્રોકસ હોલમાં ૭૦૦૦ લોકોની કેપિસિટી છે. શો શરૂ થવાને વાર હોવાથી ૬ હજારની આસપાસ લોકો ભેગાં થયેલાં. આતંકવાદીઓએ પહેલાં અંધાધૂંધ ગોળીબાર કર્યો અને પછી બોમ્બ ફેંક્યા તેમાં સત્તાવાર રીતે ૬૦થી વધારે લોકોનાં મોત થયાં છે. બિનસત્તાવાર રીતે મૃત્યુઆંક ૧૫૦ જેટલો હોવાનું કહેવાય છે. આઘાતની વાત એ છે કે, હુમલો કર્યા પછી પાંચેય આતંકવાદી સહીસલામત રીતે રફુચક્કર થઈ ગયા.

કુખ્યાત આતંકવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટ ઓફ ઈરાક એન્ડ સીરિયા (આઈએસઆઈએસ)એ આ હુમલાની જવાબદારી લીધી છે. આઈએસઆઈએસની ખોરાસન વિંગ એટલે કે આઈએસઆઈએસ-કેએ આ હુમલો કર્યો હોવાનું કહેવાય છે. ખોરાસાન વિંગ ઈરાન, તુર્કમેનિસ્તાન અને અફઘાનિસ્તાનમા સક્રિય છે. આઈએસઆઈએસે હુમલો પિકનિક બેન્ડની કોન્સર્ટ માટે ભેગા થયેલા સંગીત રસિયાઓ પર કરેલો પણ તેનું ટાર્ગેટ ખ્રિસ્તીઓ હોય એવું ચિત્ર ઉભું કરીને દાવો કર્યો છે કે, સિટી હોલમાં ખ્રિસ્તીઓનું સંમેલન હતું તેના પર હુમલો કરાયો છે.

આઈએસઆઈએસનો દાવો છે કે, વ્લાદિમિર પુતિને ચેચન્યા અને સીરિયામાં હુમલા કરીને મુસ્લિમો પર અત્યાચાર ગુજાર્યા છે તેનો બદલો લેવા આ હુમલો કરાયો છે. રશિયાએ અફઘાનિસ્તાનમાં ૧૯૮૦ના દાયકામાં પોતાનું લશ્કર મોકલ્યું ત્યારે પણ મુસ્લિમો પર આવા જ અત્યાચારો ગુજાર્યા હતા. તેનો હિસાબ ચૂકતે કરવા હજુ બીજા હુમલા કરાશે એવી ધમકી પણ અપાઈ છે.

મોસ્કોના હુમલાથી દુનિયા ચોંકી ગઈ છે કેમ કે રશિયામાં મોટા આતંકવાદી હુમલા થતા નથી અને રશિયાને ઈસ્લામના નામે આતંકવાદ ફેલાવનારાં સંગઠનો સાથે સીધો સંઘર્ષ પણ નથી. વાસ્તવમાં આ હુમલા માટે પુતિને વહોરેલી પારકી પિડા જવાબદાર છે. ઈસ્લામિક સ્ટેટે રશિયામાં હુમલો કર્યો એ માટેનું કારણ સિરિયાના પ્રમુખ બશર અલ અસદ છે. અસદ ૨૦૦૨થી સીરિયાના સર્વેસર્વા છે અને રશિયાની મદદથી ટકી રહ્યા છે. અસદ શિયા કે સુન્ની નહીં પણ અલવાઈત મુસ્લિમ છે. શિયા અને સુન્ની માને છે કે, અલ્લાહ જ એક માત્ર પ્રભુ છે અને મોહમ્મદ તેમના પયગંબર હતા. અલવાઈત અલી, મોહમ્મદ અને સલમાન-અલ-ફરીસી એમ ત્રણ પયગંબરમાં માને છે. અલ્લાહ પૃથ્વી પર સાત વાર અવતરેલા એવી પણ તેમની માન્યતા છે તેથી સુન્નીઓ તેમની વિરૂધ્ધ છે.

સીરિયાના મુસ્લિમોમાં ૭૦ ટકા સુન્ની છે જ્યારે અલવાઈતી ૧૦ ટકા જ છે તેથી એક અલવાઈતી સુન્નીઓ પર શાસન કરે એ કટ્ટરવાદીઓથી સહન ના થયું. સીરિયાના પાડોશી ઈરાનમાં શિયાઓનું શાસન છે એ પણ સુન્ની કટ્ટરવાદીઓથી સહન થતું નહોતું. શિયાઓ સામે લડવા સીરિયામાં ૨૦૦૬માં ઈસ્લામિક સ્ટેટ ઓફ ઈરાક (આઈએસઆઈ) બન્યું અને પછી સીરિયામાં પણ સુન્ની શાસન સ્થાપવાનો ઉદ્દેશ જાહેર કરીને તેનું નામ ઈસ્લામિક સ્ટેટ ઓફ ઈરાક એન્ડ સીરિયા (આઈએસઆઈઆસ) કરાયું. આ સંગઠનનો પ્રભાવ ધીરે ધીરે વધવા માંડયો. ૨૦૧૦માં અબુ બકર અલ બગદાદી તેનો વડો બન્યો પછી તેણે આતંકવાદ શરૂ કરાવ્યો. બકરે મધ્ય-પૂર્વના દેશોના બેકાર યુવાનોની મોટી સંખ્યામાં ભરતી કરી તેમના હાથોમાં હથિયારો પકડાવી દીધાં.

અસદ શરૂઆતમાં અત્યંત લોકપ્રિય હતા પણ સત્તા ટકાવવા વિરોધીઓને સાફ કરવા માંડતાં ૨૦૧૦થી વિરોધ શરૂ થયો. અસદ અમેરિકાને પસંદ નહોતા તેથી અમેરિકાની સહાયથી અસદને તગેડી મૂકવા આંદોલન શરૂ થયું. આંદોલન હિંસક બનતાં અસદે લશ્કરને છૂટું મૂકી દીધું તેથી પ્રજા અને લશ્કર વચ્ચે ઘર્ષણ શરૂ થયું. તેનો લાભ લઈ આઈએસઆઈએસએ સીરિયાના કેટલાક પ્રદેશ પર કબજો જમાવી લીધો. આ ઓછું હોય તેમ જુલાઈ ૨૦૧૧માં અસદ વિરોધી સંગઠનોએ હથિયારો ઉઠાવીને પોતાનું લશ્કર બનાવીને અસદ સરકારને ઉખાડી ફેંકવા જંગ શરૂ કર્યો. આ લશ્કર અમેરિકાની તન, મન, ધનની મદદથી શરૂ થઈ હતી એ કહેવાની જરૂર નથી.

અસદ અમેરિકા અને આઈએસઆઈએસ બંને સામે ઝીંક ઝીલી શકે તેમ નહોતા તેથી રશિયાના શરણે ગયા. વ્લાદિમિર પુતિન તો યુધ્ધ કરવામાં શૂરા છે જ તેથી તેમણે સીરિયામાં રશિયન લશ્કરને મોકલ્યું. પુતિન કોઈના પર દયા કરવામાં માનતા નથી. પોતાની સામે ઉઠનારા અવાજને કચડી નાંખવામાં માને છે તેથી સીરિયામાં પણ રશિયન લશ્કરે જે પણ સામે આવે તેને ગોળીએ દેવા માંડયા. આઈએસઆઈએસના અડ્ડા ઉડાવવા માંડયા તેથી ઈસ્લામિક સ્ટેટ પુતિનનું દુશ્મન બની ગયું છે.

પુતિન હવે શું કરશે એ કહેવાની જરૂર નથી. પુતિન દુશ્મનને ઉગતો ડામવામાં અને લશ્કરી તાકાત અજમાવીને વિરોધને કચડી નાંખવાની નીતિમાં માને છે તેથી હવે ઈસ્લામિક સ્ટેટનો વારો પડશે. રશિયામાંથી બીજાં આતંકવાદી સંગઠનો સાફ થઈ ગયાં છે. એક જમાનામાં ચેચન્યાના આતંકી રશિયામાં ઘૂસીને હુમલા કરતા પણ પુતિને ચેચન્યામાં ઘૂસીને તેમને પણ ઠેકાણે પાડી દીધા પછી રશિયા પર આતંકવાદનો ખતરો નથી રહ્યો. ઈસ્લામના નામે આતંકવાદ ફેલાવતાં સંગઠનો દુનિયાનાં ઘણાં દેશોમાં ફેલાયેલા છે પણ રશિયામાં નહોતાં.

રશિયામાં છેલ્લો મોટો આતંકવાદી હુમલો ૨૦૧૭માં થયેલો. ૨૦૧૭માં પુતિનના વતન સેન્ટ પીટર્સબર્ગ મેટ્રોમાં ઉઝબેક મૂળના આતંકીએ બ્લાસ્ટ કરીને ૧૪ લોકોને મોતને ઘાટ ઉતારેલા. પહેલાં આ હુમલો ઈસ્લામિક સ્ટેટે કરાવેલો એવી વાત ચાલેલી પણ પછી ખબર પડી કે, બ્લાસ્ટ કરનારો અકબરઝહોન જલિલોવ નામનો કિર્ગીઝસ્તાનમાં પેદા થયેલા રશિયન નાગરિક હતો. બ્લાસ્ટના મૂળ સુધી પહોંચ્યા પછી રશિયામાં ઈસ્લામિક સ્ટેટની હાજરી નથી એ સાબિત થઈ ગયેલું.

હવે અચાનક ઈસ્લામિક સ્ટેટના આતંકવાદી મોસ્કો લગી પહોંચી જાય ને લાશોના ઢગ ખડકી જાય ને પુતિન કશું ના કરે એ વાતમાં માલ નથી. રશિયામાં બહુ જલદી આતંકીઓના સફાયા માટેનું ઓપરેશન શરૂ થશે. મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારોમાં રશિયન લશ્કર ફરી વળશે. અત્યારે ભલે આતંકીઓ ભાગી ગયા હોય પણ પુતિન પાતાળમાંથી પણ તેમને શોધીને પતાવી દેશે.

## ટ્રમ્પનો પ્રથમ કાર્યકાળ ટેરિફનો રાજા રહ્યો હતો

# અમેરિકામાં ટ્રમ્પ જીત્યા તો ગ્રીન કાર્ડ પર મોટી તરાપ આવશે?




અનંત
સંદીપ હીરપરા

**અમેરિકામાં** ચૂંટણી નજીક આવતાની સાથે વિવિધ મુદ્દાઓ સાથે ટ્રમ્પ મેદાને છે. હજી ચૂંટણી નથી આવી અને ટ્રમ્પ પોતાને અમેરિકાના પ્રેસિડેન્ટ હોય તેમ નિવેદનબાજી કરી રહ્યા છે. ચૂંટણીમાં બાઈડેનની સાથે સાથે પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ઉમેદવારી પણ નક્કી થઈ ગઈ છે. જો બાઈડન હવે ચૂંટણી જીતશે તો ભારતીયોને કોઈ ચિંતા નહીં હોય પરંતુ ટ્રમ્પ જીતી જશે તો ભારતીયમૂળના અમેરિકામાં વસતા લોકોને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. ટ્રમ્પ જીતશે તો લગભગ 11 લાખ ભારતીયોને ગ્રીન કાર્ડ મળવું મુશ્કેલ બની જશે. આની સાથે જ ભારતને ત્યાં ટ્રેડ કરવા પર પણ કેટલાક ટેક્સનો સામનો કરવો પડી શકે છે. ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીના એક જૂથે પ્રોજેક્ટ 2025ના નામથી એક બ્લૂ પ્રિન્ટ તૈયાર કરી છે. જેમાં વિઝા અને ગ્રીન કાર્ડને લઈને મોટી મોટી શરતોને રજૂ કરવામાં આવી છે

ડોનાલ્ડ ટ્રમ્પના રાજકીય સલાહકાર સ્ટીફન મિલર અને હેરિટેજ ફાઉન્ડેશન દ્વારા તૈયાર કરાયેલા પ્રસ્તાવમાં ઈમિગ્રેશનને રદ કરવાનો નિર્ણય સરળ રહેશે. જેને લાગુ કરવા સંસદની મંજૂરી પણ જરૂરી નહીં પડે. જેની સીધી અસર અમેરિકામાં ગ્રીન કાર્ડ મળવવા માટે રાહ જોઈ રહેલા લગભગ 11 લાખ ભારતીયો પર થઈ શકે છે. અમેરિકન પ્રેસિડન્ટ જો બાઈડને ગત વર્ષે ભારતીયોને રેકોર્ડ બ્રેક 10 લાખ વિઝા આપ્યા હતા. એમાંથી સૌથી વધુ સંખ્યા વિદ્યાર્થીઓની છે. ત્યારપછી પ્રોફેશનલ્સ કે જેઓ અમેરિકામાં કામ કરી રહ્યા છે આ ઉપરાંત ટ્રમ્પ વારંવાર ભારતમાં કેટલાક અમેરિકન પ્રોડક્ટ્સ પર લગાડવામાં આવતા વધારે પડતા ટેક્સનો મુદ્દો ઉઠાવી રહ્યા છે. ગત વર્ષે તેમે એકવાર કહ્યું હતું કે જો 2024માં તે પ્રેસિડન્ટ ઈલેક્શન જીતશે તો તે આના જવાબમાં ભારતીય પ્રોડક્ટ્સ પર પણ મોટા પ્રમાણમાં ટેક્સ લાગુ કરશે.

આમ જોઈએ તો ટ્રમ્પનો પ્રથમ કાર્યકાળ ટેરિફનો રાજા રહ્યો હતો. ચીન અને અમેરિકા ટેરિફના નામે આમને- સામને આવી ગયા હતા. અને એક સમયે ટ્રમ્પે ભારત પર સારી વર્તણૂક ન કરવાનો આરોપ લગાવ્યો હતો. ટ્રમ્પે એક નિવેદનમાં એવુ પણ જણાવ્યુ હતુ કે, જો ભારત અમેરિકાના સામાન પર વધારે ટેક્સ લગાવે છે તો અહીં પણ એવું જ થવાનું છે. આમ જોઈએ તો અમેરિકામાં ચૂંટણી પહેલા ટ્રમ્પ વિવિધ મુદ્દે ચર્ચામાં આવી રહ્યા છે. તેમના પર થયેલા વિવિધ કેસ અને ટ્રમ્પની નિવેદનબાજી અમેરિકામાં ટ્રમ્પને ફાયદો કરાવી રહી હોવાનું માનવામાં આવે છે. ટ્રમ્પે તાજેતરમાં બ્લડબાથ અંગે નિવેદન આપ્યુ હતુ જે અંગે અમેરિકામાં ટ્રમ્પ ચૂંટણી પહેલા મતદારોને ધમકી આપી રહ્યા હોવાની ચર્ચા થઈ રહી છે.. કેટલાક લોકોનું એવુ કહેવુ છેકે, ટ્રમ્પ ચૂંટણી જીતવા માટે કંઈપણ કરી શકે છે. અને આવા નિવેદન આપી ટ્રમ્પ ચૂંટણીનો માહોલ પોતાની તરફ કરી રહ્યા છે.




## Gadgets ગુરૂ

### Vivo T3 5G સ્માર્ટફોન ભારતમાં લોન્ચ

ચીની ટેક કંપની Vivo એ ભારતમાં નવો T-સિરીઝ સ્માર્ટફોન 'Vivo T3 5G' લોન્ચ કર્યો. કંપનીએ ફોનને બે વેરિઅન્ટમાં લોન્ચ કર્યો છે, જેની કિંમત 8GB RAM + 128GB સ્ટોરેજ વેરિઅન્ટ માટે રૂ. 19,999 અને 8GB RAM + 256GB સ્ટોરેજ વેરિઅન્ટ માટે રૂ. 21,999 છે. ફોટોગ્રાફી માટે, ફોનની પાછળની પેનલમાં 50MP પ્રાઈમરી કેમેરા + 2MP સેકન્ડરી કેમેરા છે. તે જ સમયે, પ્રદર્શન માટે, ફોનમાં મીડિયાટેક ડાયમેન્શન 7200 પ્રોસેસર છે.


- 120 Hz રિફ્રેશ રેટ
- 6.67 ઈંચ FHD+ AMOLED ડિસ્પ્લે
- 1800 નિટ્સની પીક બ્રાઈટનેસ
- 2400 × 1080 પિક્સલનું રિઝોલ્યુશન
- 16MP ફ્રન્ટ કેમેરા
- 44W ફાસ્ટ ચાર્જિંગ સપોર્ટ 5000 mAh બેટરી
- 5G, 4G, 3G, 2G, Wi-Fi

















## અમેરિકામાં નદી પર મોટી દુર્ઘટના

# માલવાહક જહાજ અથડાતા ધડાકાભેર બ્રિજ ધરાશાયી થયો

### અમદાવાદના અટલ બ્રિજ જેવી ડિઝાઈનવાળો બ્રિજ 5 જ સેકન્ડમાં કડડભૂસ


■ બાલ્ટીમોર

અમેરિકાના મેરીલેન્ડમાં જહાજ અથડાયા બાદ બાલ્ટીમોરનો ફ્રાન્સિસ સ્કોટ કી બ્રિજ અમેરિકન સમય મુજબ સોમવારે મોડી રાત્રે તૂટી પડ્યો હતો. કોસ્ટ ગાર્ડ ઓફિસર એડમિરલ શેનન ગિલરેથે મંગળવારે સાંજે જણાવ્યું હતું કે એક કલાક સુધી ચાલેલા સર્ચ ઓપરેશન બાદ છ ગુમ થયેલા લોકોને મૃત જાહેર કરવામાં આવ્યા છે. એડમિરલે કહ્યું- અમે પટાપ્સકો નદીમાં ઘણા કલાકો સુધી સર્ચ ઓપરેશન ચલાવ્યું. પાણીના તાપમાન અને અન્ય પરિબળોના આધારે અમે માનીએ છીએ કે નદીમાં પડી ગયેલા છ લોકો માટે જીવિત રહેવું અત્યંત મુશ્કેલ છે. આને ધ્યાનમાં રાખીને, અમે સક્રિય સર્ચ ઓપરેશન બંધ કરી રહ્યા છીએ. જો કે કોસ્ટ ગાર્ડ અને અન્ય અધિકારીઓ હજુ પણ અહીં હાજર રહેશે. ડાલી જહાજ પર હાજર 22 ક્રૂ મેમ્બર ભારતીય હતા, જે તમામ સુરક્ષિત છે. સીએનએન ન્યૂઝ અનુસાર, મેરીલેન્ડના ગવર્નર વેસ મૂરે કહ્યું કે જહાજના ક્રૂએ સમયસર ખતરાની જાણ કરી હતી. જેના કારણે બ્રિજ પર વાહનવ્યવહાર બંધ થઈ ગયો હતો અને અનેક લોકોના જીવ બચી ગયા હતા.



### અથડામણ પહેલાં જહાજ પરનો વીજ પુરવઠો બંધ થઈ ગયો હતો...

ન્યૂયોર્ક ટાઈમ્સના જણાવ્યા અનુસાર, સિંગાપોરના ધ્વજવાળા ડાલી જહાજ પર વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. આ પછી તે પુલ સાથે અથડાયું હતું. આ દરમિયાન બ્રિજ પર હાજર 8 બાંધકામ કામદારો પાણીમાં પડી ગયા હતા. તેઓ પુલ પર રિપેરિંગ કામ કરી રહ્યા હતા. જેમાંથી 2ને બચાવી લેવાયા હતા, જ્યારે 6 લાપતા હતા. ગવર્નર મૂરે કહ્યું- પુલ તૂટ્યો તે પહેલાં સારી સ્થિતિમાં હતો. પુલ તૂટી પડવો એ મેરીલેન્ડના લોકો માટે આઘાતજનક ઘટના હતી. અહીંના લોકો છેલ્લાં 47 વર્ષથી તેનો ઉપયોગ કરી રહ્યા હતા. જ્યારે પુલ પાણીમાં પડ્યો ત્યારે તેના પર 5 જેટલાં વાહનો પણ હાજર હતાં. આમાંથી એક ટ્રેક્ટર-ટ્રેલર પણ હતું.



### અકસ્માત બાદ બ્રિજ પર તમામ 4 લેન બંધ

ડાલી જહાજ અમેરિકન સમય અનુસાર સોમવારે રાત્રે લગભગ 12:30 વાગ્યે રવાના થયું હતું. તે 22 એપ્રિલે શ્રીલંકાની રાજધાની કોલંબો પહોંચવાનું હતું. બ્લૂમબર્ગના રિપોર્ટ અનુસાર, મેરીલેન્ડ ટ્રાન્સપોર્ટેશન ઓથોરિટીએ જણાવ્યું કે બ્રિજ પર દુર્ઘટના બાદ તમામ 4 લેન બંધ કરી દેવામાં આવી છે અને વાહનવ્યવહાર બંધ કરી દેવામાં આવ્યો છે.

### ગવર્નરે ભારતીય ક્રૂને હીરો ગણાવ્યા

મેરીલેન્ડના ગવર્નર વેસ મૂરે જણાવ્યું હતું કે, 8 નોટ (9 માઈલ પ્રતિ કલાક)ની ઝડપે આગળ વધી રહેલું જહાજ થોડી ક્ષણો પહેલાં પુલના થાંભલા સાથે અથડાયું હતું. મેડે (ઈમર્જન્સી) કૉલ જાહેર કર્યો હતો. તેમની સતર્કતાને કારણે અધિકારીઓએ પણ તાત્કાલિક કાર્યવાહી કરી વાહનોને પુલ પર જતા અટકાવ્યાં હતાં. મેડે અને અકસ્માતની વચ્ચે અમારી પાસે એવા અધિકારીઓ હતા જેમણે સમયસર ટ્રાફિક બંધ કર્યો. જહાજના ક્રૂ મેમ્બર્સની પ્રશંસા કરતા તેમણે કહ્યું, આ લોકો હીરો છે. તેમણે ગઈ રાત્રે લોકોના જીવ બચાવ્યા.

### બાલ્ટીમોર પોર્ટમાંથી 6.67 લાખ કરોડનો માલ પસાર થયો

મેરીલેન્ડ સરકારની વેબસાઈટ અનુસાર ગયા વર્ષે લગભગ 52 મિલિયન ટન આંતરરાષ્ટ્રીય કાર્ગો બાલ્ટીમોર બંદરમાંથી પસાર થયો હતો. તેની કિંમત 6.67 લાખ કરોડ રૂપિયા હતી. આ કારણે મેરીલેન્ડમાં લગભગ 1.39 લાખ લોકોની રોજગારી ચાલે છે.

## અમેરિકામાં ભારતીયનો દબદબો , વધુ એક ભારતીયને જવાબદારી

# IIT મદ્રાસના પૂર્વ વિદ્યાર્થીને મળી MS Windowsની કમાન,પરિવાર ખુશખુશાલ

### પવન દાવુલુરીએ સોફ્ટવેર અને હાર્ડવેર પ્લેબુક બંનેમાં કામ કર્યું છે.

■ વોશિંગ્ટન

IIT મદ્રાસના પૂર્વ વિદ્યાર્થી પવન દાવુલુરીની માઈક્રોસોફ્ટ વિન્ડોઝ અને સરફેસના નવા ચીફ તરીકે નિમણૂક કરાઈ છે. દાવુલુરીએ સરફેસ સિલિકોન અને ડિવાઈસનો ચાર્જ લીધો છે. ગત પ્રમુખ મિખાઈલ પાર્મિને વિન્ડોઝ અને વેબ એક્સપિરિયન્સ પર કેન્દ્રિત એક નવી ટીમનું નેતૃત્વ કર્યું છે. હવે વિન્ડોઝ અને સરફેસ બંનેની કમાન દાવુલુરીના હાથમાં છે કેમ કે પાર્મિને નવી ભૂમિકાઓ શોધવાનો નિર્ણય કર્યો છે.પીસી અને એક્સબોક્સ હાર્ડવેર, સરફેસ, વિન્ડોઝ અને સિલિકોનમાં કામ કરનાર માઈક્રોસોફ્ટના 23 વર્ષના અનુભવી દાવુલુરીએ પ્રોડક્શન ટીમને લીડ કરી છે અને સોફ્ટવેર અને હાર્ડવેર પ્લેબુકમાં કામ કર્યું છે.

ઝા એ મેમોમાં કહ્યું છે આ આપણને અત્યારના એઆઈ યુગ માટે વિન્ડોઝ ક્લાઈન્ટ અને ક્લાઉડ સુધી ફેલાયેલા સિલિકોન, સિસ્ટમ, એક્સપિરિયન્સ અને ડિવાઈસના નિર્માણ માટે એક સમગ્ર દ્રષ્ટિકોણ અપનાવવામાં સક્ષમ કરશે.




**કોણ છે પવન દાવુલુરી?**

IIT બાદ દાવુલુરી અમેરિકાની મેરીલેન્ડ યુનિવર્સિટીમાં ગયા. તેમણે માઈક્રોસોફ્ટમાં એક રિલાયબિલિટી કમ્પોનેન્ટ મેનેજર તરીકે પોતાનું કરિયર શરૂ કર્યુ અને 2021માં વિન્ડોઝ અને સિલી કોન એન્ડ સિસ્ટમ ઈન્ટિગ્રેશન માટે કોર્પોરેટ વીપી બનાવવા માટે રેન્કમાં આગળ વધ્યા. તેમણે ગયા વર્ષે વિન્ડોઝ પ્લસ ડિવાઈસ માટે કોર્પોરેટ વીપીની ભૂમિકા નિભાવી. આ જાણકારી માઈક્રોસોફ્ટના એક્સપિરિયન્સ એન્ડ ડિવાઈસ હેડ રાજેશ ઝા ના એક ઈન્ટરનલ મેમોથી આવી છે, જેમાં નવા વિન્ડોઝ સંગઠનની રુપરેખા આપવામાં આવી છે. ઝા એ મેમોમાં કહ્યું છે આ આપણને અત્યારના એઆઈ યુગ માટે વિન્ડોઝ ક્લાઈન્ટ અને ક્લાઉડ સુધી ફેલાયેલા સિલિકોન, સિસ્ટમ, એક્સપિરિયન્સ અને ડિવાઈસના નિર્માણ માટે એક સમગ્ર દ્રષ્ટિકોણ અપનાવવામાં સક્ષમ કરશે.

## USમાં તૂટેલો પુલ,દુનિયાના અનેક દેશોને કરોડોનો ફટકો

### વૈશ્વિક સપ્લાય ચેઈન ખોરવાઈ જવાની શક્યતા

■ બાલ્ટીમોર




અમેરિકાના બાલ્ટીમોરમાં કન્ટેનર જહાજ કી બ્રિજ સાથે અથડાયું અને પછી બ્રિજ તૂટી પડ્યો. આ ઘટના જોવામા કોઈ ફિલ્મી ઘટના જેવી લાગી રહી છે. પરંતૂ બ્રિજ તૂટી પડવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં એક મોટું કન્ટેનર જહાજ પુલના થાંભલા સાથે અથડાયું હતું, ત્યારબાદ પુલ પટાપ્સકો નદીમાં ડૂબી ગયો હતો. બ્રિજ તૂટવાને કારણે તે માર્ગ પરથી જતા તમામ જહાજોને અટકાવી દેવામાં આવ્યા છે. આ બ્રિજ અમેરિકામા તૂટ્યો છે પરંતૂ તેની અસર આગામી કેટલાક મહિનાઓ સુધી અમેરિકા સહિત વિશ્વના દેશોને થઈ શકે છે. વાસ્તવમાં આના કારણે વૈશ્વિક સપ્લાય ચેઈન ખોરવાઈ જવાની સંભાવના છે.બાલ્ટીમોર યુએસ ઈસ્ટ કોસ્ટ પરના સૌથી વ્યસ્ત બંદરોમાંનું એક છે. કાર અને લાઈટ ટ્રકનું ઉત્પાદન કરતી યુરોપિયન કંપનીઓ માટે પણ તે ખૂબ જ મહત્વપૂર્ણ બંદર છે. બ્લૂમબર્ગના રિપોર્ટ અનુસાર બાલ્ટીમોર દુર્ઘટનાને કારણે ન્યૂ જર્સી અને વર્જિનિયાના બંદરો પર દબાણ વધી શકે છે.

## ફ્લોરિડામાં બાળકોના સો. મીડિયા ઉપયોગ પર પ્રતિબંધ

### 14 વર્ષથી ઓછી વયના એકાઉન્ટ્સ ડિલીટ થશે

■ વોશિંગ્ટન




અમેરિકાના ફ્લોરિડામાં 14 વર્ષથી ઓછી ઉંમરના બાળકો સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી શકશે નહીં. ગવર્નર રોન ડી સેન્ટિસે આ કાયદાને મંજૂરી આપી છે. આ આવતા વર્ષથી એટલે કે 2025થી અમલમાં આવશે. 'સ્કાય ન્યૂઝ'ના અહેવાલમાં આ માહિતી આપવામાં આવી છે. કાયદા અનુસાર, 14 થી 15 વર્ષની વયના બાળકો ફક્ત ત્યારે જ Instagram અને Snapchatનો ઉપયોગ કરી શકશે જો તેમના માતાપિતા લેખિત સંમતિ આપે. કંપનીઓને 14 વર્ષથી ઓછી ઉંમરના બાળકોના સોશિયલ મીડિયા એકાઉન્ટ ડિલીટ કરવા માટે કહેવામાં આવ્યું છે.

કાયદા અનુસાર, તમામ સોશિયલ મીડિયા પ્લેટફોર્મને વય વેરિફિકેશન પછી જ તેમના એકાઉન્ટ એક્ટિવેટ કરવા માટે કહેવામાં આવ્યું છે. જો કોઈ કંપની 14 વર્ષથી ઓછી ઉંમરના બાળકોના સોશિયલ મીડિયા એકાઉન્ટ ડિલીટ નહીં કરે તો તેણે સંબંધિત બાળકને 10 હજાર ડોલરનું વળતર ચૂકવવું પડશે. ફ્લોરિડાની રાજ્ય સરકાર આવતા વર્ષે જાન્યુઆરીમાં આ કાયદો લાગુ કરશે.

## NEWS FILE

### રોકાઈ જશે સમય, અટકી જશે સ્માર્ટફોન અને કમ્પ્યૂટર્સ?



વોશિંગ્ટનઃ ગ્લોબલ વોર્મિંગની પૃથ્વીના પર્યાવરણ પર મોટી અસર થઈ રહી છે. ધ્રુવીય બરફ સતત પીગળી રહ્યો છે, વિશ્વના ઘણા ભાગો પીવાના પાણીની કટોકટીનો સામનો કરી રહ્યા છે, નવી મહામારીઓ જન્મી રહી છે. તાજેતરમાં કેલિફોર્નિયામાં પ્રકાશિત થયેલા એક અભ્યાસ મુજબ, ધ્રુવો પર બરફ પીગળવાને કારણે પૃથ્વીનું પરિભ્રમણ ધીમી પડી રહ્યું છે, જે પૃથ્વીના સમયને માપવાની રીતને અસર કરી શકે છે. યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા, સાન ડિએગો ખાતે સ્ક્રિપ્સ ઈન્સ્ટિટ્યુશન ઓફ ઓશનોગ્રાફીના જીઓફિઝિસ્ટના અભ્યાસ લેખક ડંકન એગ્ન્યુએ આ અંગે મોટો ખુલાસો કર્યો છે.

### અમેરિકામાં કાલે ચૂંટણી થાય તો બાઈડેનની હાર નિશ્ચિત, ઓબામાએ આપી ચેતવણી



વોશિંગ્ટનઃ ગયા વર્ષે જૂનમાં બરાક ઓબામા અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડેનને મળવા માટે વ્હાઈટ હાઉસ પહોંચ્યા હતા. બાઈડેનની ચૂંટણી ઝુંબેશને લઈને ચર્ચા કરવામાં આવી હતી. ડેમોક્રેટિક નેતા કહે છે કે આશરે એક વર્ષ પહેલાં જ ઓબામાએ બાઈડેનને ચેતવણી આપી હતી કે તેમની ચૂંટણી ઝુંબેશ અસ્થિર દેખાઈ રહી છે. ઓબામાએ બાઈડેનને આક્રમક રીતે ચૂંટણીપ્રચાર કરવા માટે કહ્યું હતું. આ બાબતના છ મહિના પછી ઓબામા ફરીવાર વ્હાઈટ હાઉસ પહોંચ્યા હતા. આ વખતે પણ બાઈડેનને ઓબામાએ ચેતવણી આપી હતી અને કહ્યું હતું કે તેમની ચૂંટણી ઝુંબેશ સમય કરતા ખૂબ પાછળ છે. જો તેઓ હજુ પણ ધ્યાન નહીં આપે તો ટ્રમ્પ તેમના સાત પ્રમુખ રાજ્યોને પણ આંચકી લેશે. ત્રણ મહિના બાદ હવે અમેરિકન ચૂંટણી 2024માં યોજાશે. બાઈડેન હકીકતમાં મુશ્કેલીમાં છે. તેઓ મહિનાઓથી મોટા ભાગની આમને સામનેની સ્પર્ધામાં ટ્રમ્પથી પાછળ રહ્યા છે. રણનીતિકાર કહે છે કે જો અમેરિકામાં આવતીકાલે ચૂંટણી યોજાય છે તો બાઈડેન ચૂંટણી હારી જશે.

**સ્થિર ઈકોનોમી છતાં બાઈડેનની લોકપ્રિયતા ઘટી:** છેલ્લી ચૂંટણીમાં બાઈડેનની તરફેણમાં અનેક વાતો હતી. જેમ કે યુવા મતદારોનો વિશ્વાસ તેમની સાથે હતો. 2020ની ચૂંટણીમાં બાઈડેને 30 વર્ષથી ઓછી વયના મતદારોની સાથે મળીને ટ્રમ્પને 24 પોઈન્ટથી હાર આપી હતી. પરંતુ હાલમાં જ કરવામાં આવેલા ન્યૂયોર્ક ટાઈમ્સ, સિએનાના સર્વેક્ષણમાં સામે આવ્યું છે કે બાઈડેનની લોકપ્રિયતા ઘટી છે.

# પૂર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પે બેન્ઝામીન નેતન્યાહૂને આપી મોટી ચેતવણી

### હમાસ ઈઝરાયેલ યુદ્ધ ઝડપથી સમેટી લો, કેમકે વિશ્વમત તમારી વિરૂદ્ધ જઈ રહ્યો છે

■ વૉશિંગ્ટન

અમેરિકાના પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે ૭ ઓક્ટોબરના હુમલા પછી ઈઝરાયેલ જેવાં પગલાં લીધાં છે તેવાં જ પગલાં હું તેમને સ્થાને હોત તો મેં પણ લીધાં જ હોત. આ સાથે તેઓએ ઈઝરાયલ ને હમાસ યુદ્ધ વહેલામાં વહેલી તકે પૂરૂં કરવા અનુરોધ કર્યો હતો અને કહ્યું હતું કે આ યુદ્ધ જલ્દી પૂરૂં કરી લો, કારણ કે વૈશ્વિક સમર્થન તમને મળતું હતું તે ઘટતું જાય છે. તમારે તેમ કરવું જ પડશે. સાથે ખૂબ જ સાવચેત પણ રહેવું પડશે. કારણ કે તમો દુનિયાભરમાંથી સમર્થન ગુમાવી રહ્યા છો. આ સાથે તેઓએ વર્તમાન પ્રમુખ જો બાયડેનની ઉગ્ર ટીકા કરતાં કહ્યું હતું કે તેઓ તો શત્રુઓને જ સમર્થન આપતા રહે છે. તેઓ આ યુદ્ધ અંગે યોગ્ય પગલાં લઈ રહ્યા જ નથી. જગત સમક્ષ તેમણે ગાઝા પટ્ટી ખેદાન મેદાન બની ગયેલી દર્શાવી છે. તેથી વિશ્વમત ઈઝરાયલ વિરૂદ્ધ થઈ રહ્યો છે.

### વીડિયો વાયરલે કરીને ઈઝરાયલે મોટી ભૂલ કરી



ઈઝરાયલી વર્તમાન પત્ર ઈઝરાયેલ હેયોમને આપેલી મુલાકાતમાં અમેરિકાના આ પૂર્વ પ્રમુખે કહ્યું હતું કે આપણે શાંતિ મેળવવી જ રહી. આ (યુદ્ધ) કૈં ચાલ્યા કરે જ નહીં. તેથી હું કહું છું કે ઈઝરાયેલે સાવચેત રહેવાની જરૂર છે. કારણ કે તમો દુનિયાભરમાંથી ઝડપબંધ ટેકો ગુમાવી રહ્યા છે.રિપબ્લિકન પાર્ટીના પ્રમખ પદ માટેના ઉમેદવારની સ્પર્ધા જીત્યા પછી આપેલી આ પહેલી જ મુલાકાતની ટ્રાન્સક્રિપ્ટ પ્રસિદ્ધ થઈ છે, જેમાં તેઓ તેમ કહેતા. જાણવા મળે છે કે ઈઝરાયલે તેનાં આક્રમણના વીડિયો વાયરલ કરવાની ભારે મોટી ભૂલ કરી છે, તેમાં આ વર્તમાનપત્ર ઈઝરાયલના વડાપ્રધાન નેતાન્યાહૂનાં મુખ પત્ર સમાન જ માનવામાં આવે છે. ઈઝરાયેલ વળતા પ્રચંડ પ્રહારો કર્યા છે. પરિણામે યુદ્ધમાં ૩૦,૦૦૦થી વધુનાં મૃત્યુ થયાં છે.

# ગુજરાતના ગરબાને 'અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર' તરીકે જાહેર કરાયો





## યુનેસ્કોએ બે મંત્રીઓને પ્રમાણપત્ર અર્પણ કર્યુ...

ગાંધીનગરઃ ગુજરાતના વૈભવશાળી સાંસ્કૃતિક વારસામાં વધુ એક યશકલગીનો ઉમેરો થયો છે. કરોડો ગુજરાતીઓ અને ગરબા પ્રેમીઓ માટે આજે ગૌરવની ક્ષણ છે. કારણ કે સીમાડાઓ વટાવીને આજે ગુજરાતના ગરબાની લોકપ્રિયતા આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચી ચૂકી છે. ગરબાને "ઈન્ટેન્જિબલ કલ્ચર હેરિટેજ" એટલે કે અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર જાહેર કરવામાં આવ્યો છે. ગુજરાતના ગરબાને એક જીવંત સાંસ્કૃતિ વારસા તરીકે નવી ઓળખ મળી છે. ગુજરાતની ઓળખ એટલે ગરબો અને હવે આ ગરબો ગ્લોબલ બન્યો છે. યુનેસ્કોએ ગુજરાતના ગરબાને અમૂર્ત સાંસ્કૃતિક ધરોહરનું પ્રમાણપત્ર અર્પણ કર્યું છે. મહત્વનું છે કે યુનેસ્કોએ 6 ડિસેમ્બર 2023ના રોજ ગરબાને અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર તરીકેનું સન્માન આપ્યું હતું. હવે યુનેસ્કોએ ગુજરાતને વિધિવત રીતે પ્રમાણપત્ર અર્પણ કર્યું છે. ગુજરાતના ગરબાના સમાવેશ સાથે હવે દેશના ઉત્સવો, મેળાઓ, પરંપરાઓ, પ્રાદેશિક નૃત્યો મળીને કુલ 15 સાંસ્કૃતિક વિરાસત યુનેસ્કોની 'અમૂર્ત ધરોહર' ની યાદીમાં સમાવિષ્ટ થઈ ચૂકી છે.વૈશ્વિક વારસાઓ અને ધરોહરોને સાચવવાનું કામ કરતી યુનેસ્કો સંસ્થા દ્વારા ગરબાને ઈન્ટેન્જિબલ કલ્ચર હેરિટેજમાં સામેલ કરાયો છે.

# ગુજરાતમાં લોકસભાની ચૂંટણીની તડામાર તૈયારીઓ

## ખર્ચ પર નજર રાખવા 756 ફલાઈંગ સ્કવોડ, 18 કિલો સોનું પકડ્યું

■ ગાંધીનગર

લોકશાહીના મહાપર્વને એટલે લોકસભા ચૂંટણીને લઈ મતદારો-ઉમેદવારોએ ક્યાં પ્રકારની ભૂમિકા તેમજ ક્યાં ક્યાં નિયમને અનુસરવું તેને લઈને સમગ્ર યાદી તૈયાર કરવામાં આવી છે. ગુજરાતમાં લોકસભા ચૂંટણી તેમજ વિધાનસભાની 5 બેઠક પર પેટાચૂંટણી યોજવા માટે મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી દ્વારા તમામ તૈયારીઓ સુનિશ્ચિત કરવામાં આવી રહી છે. રાજ્યમાં આચારસંહિતા ભંગ તેમજ ચૂંટણી ખર્ચ પર દેખરેખ માટે કંટ્રોલરૂમ શરૂ કરી દેવાયા છે. મતદારોને EPIC કાર્ડ સમયસર મળી જાય તે માટે જરૂરી સુચનાઓ આપી દેવામાં આવી છે. તેમજ કોઈપણ મતદારને મત આપવા માટે સમસ્યા ન સર્જાય તે માટે તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને નિર્દેશો આપી દેવામાં આવ્યા છે.

**મતદારોએ યાદીમાં નામ ચકાસવા અનુરોધ** નવા ઓળખકાર્ડ-EPIC માટે અરજી કરનારા મતદારોને સમયસર EPIC કાર્ડ મળી જાય તેની પૂરતી વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે. એમ જણાવતાં મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ ઉમેર્યું હતું કે, EPIC કાર્ડ ન હોય તો પણ ચૂંટણી પંચ દ્વારા માન્ય કરાયેલા અન્ય 12 દસ્તાવેજ પૈકી કોઈ એક દસ્તાવેજને આધારે મતદાન કરી શકાશે. પરંતુ, આ માટે મતદાર યાદીમાં નામ હોવું અનિવાર્ય છે. આથી, તેમણે તમામ નાગરિકોને મતદાર યાદીમાં પોતાનું નામ ચકાસી લેવા અનુરોધ કર્યો હતો.

## NEWS FILE

### સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટનો નવો રેકોર્ડ



અમદાવાદઃ અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટે તાજેતરમાં એક મહત્વપૂર્ણ રેકોર્ડ કર્યો છે. જેમાં ગત સોમવારે એક જ વર્ષમાં અત્યારસુધીના સૌથી વધુ મુસાફરોને સેવા આપવાનો રેકોર્ડ સ્થાપિત કર્યો છે. અગાઉ, 2019-20માં અમદાવાદ એરપોર્ટ ખાતે સૌથી વધુ 87,634 એરક્રાફ્ટ ટ્રાફિક મૂવમેન્ટ્સ (ATM) સાથે 1,15,63,887 મુસાફરોને સેવા આપવાનો રેકોર્ડ હતો. જ્યારે છેલ્લા એક વર્ષથી મુસાફરોની સંખ્યા એક કરોડને પાર પહોંચી ગઈ છે. જ્યારે 88 હજારથી વધુ ફ્લાઈટે લેન્ડિંગ-ટેકઓફ કરી નવો રેકોર્ડ સ્થાપ્યો છે.

### વડોદરામાં ભાજપના નેતાની નવી પાર્ટી બનાવવાની જાહેરાત

વડોદરાઃ ભાજપના નેતા અરવિંદ સિંધાએ ભાજપ(S) એટલે કે, શ્યામા પ્રસાદ મુખર્જી ટીમ બનાવવાની જાહેરાત કરી છે. ટૂંક સમયમાં ચૂંટણીપંચમાંથી મંજૂરી મેળવી આવનારી ચૂંટણીઓમાં ભાજપમાં કોંગ્રેસમાંથી આવેલા અસંતુષ્ટ થયેલ ઉમેદવાર, નેતા અને કાર્યકરોને ચૂંટણીનાં ઉમેદવારો જાહેર કરીને ચૂંટણી લડાવવાની વાત તેઓએ કરી છે અને ચૂંટણી પંચ પાસે ભાજપ(S)નું ચૂંટણી ચિન્હ 'હાથમાં કમળ' મેળવવામાં આવશે. અરવિંદ સિંધાએ જણાવ્યું હતું કે શ્યામા પ્રસાદ મુખર્જીએ હિન્દુ વિચારધારાને લઈને ભારતીય જનસંઘની સ્થાપના વર્ષ 1951માં કરી હતી

### ફાગણી પૂનમનો મેળો ફળ્યો, 10 ડેપોને 1.18 કરોડની આવક




આણંદઃ ફાગણી પૂનમ ડાકોરના રણછોડજી મંદિરે 5 દિવસ મેળામાં સમગ્ર ગુજરાતમાં યાત્રિકો ઉમટી પડે છે. તેઓને અવરવજર કરવા માટે નડિયાદ એસટીડિવીઝન હેઠળ આવેલા 10 ડેપોમાંથી ચાલુ વર્ષે કુલ 3099 રૂટ શરૂ કરાયા હતા. જેના થકી નડિયાદ ડિવીઝનને રૂ.11813243 આવક થઈ છે. જેમાં સૌથી વધુ બાલાસિનોર ડેપોમાં થી દોડાવેલા 437 રૂટ થકી 19.69લાખની આવક થઈ છે. જેમાં આણંદ, પેટલાદ, બોરસદ અને ખંભાત ડેપોને ફાગણી પુનમે 36.26 લાખની આવક થઈ છે. 10 ડિપોમાંથી હોળી ધૂળેટીમાં પાંચ દિવસ દરમિયાન 3099 રૂટ ડાકોર, અમદાવાદ,વડોદાર સહિત ગામોમાં દોડવવામાં આવ્યાં હતા.

# પેટા ચૂંટણીના BJPના ઉમેદવાર જાહેર, જૂના મૂરતિયા મેદાનમાં

## પાર્ટીએ વચન પાળતાં તમામ આયાતીને આપી ટિકિટ

■ ગાંધીનગર

ભાજપે ગુજરાતમાં પેટા ચૂંટણીના ઉમેદવાર જાહેર કર્યા છે. જેઓ વિપક્ષમાંથી ભાજપમાં આવેલા છે તે તમામને ટિકિટ અપાઈ છે. જેમાં પોરબંદરથી અર્જુન મોઢવાડિયા, માણાવદરથી અરવિંદ લાડાણી, ખંભાતથી ચિરાગ પટેલ, વાઘોડિયાથી ધર્મેન્દ્રસિંહ વાઘેલા અને વિજાપુરથી સી.જે.ચાવડાને ટિકિટ અપાઈ છે. ચૂંટણી પંચ દ્વારા લોકસભા ચૂંટણીની તારીખ જાહેર કરી દીધી હતી. ગુજરાતમાં લોકસભાની 26 બેઠકો પર ચૂંટણી થશે. આ સાથે રાજ્યની ખાલી પડેલી છ બેઠકોમાંથી પાંચ વિધાનસભા બેઠકો (ખંભાત, વિજાપુર,વાઘોડિયા, પોરબંદર અને માણાવદર) પર પેટાચૂંટણી યોજાશે. ગુજરાતમાં સાતમી મેએ લોકસભા ચૂંટણીના મતદાનની સાથે જ પાંચ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી પણ યોજાશે. 4 કોંગ્રેસ, 1 આપ અને 1 અપક્ષના નેતાએ પાર્ટી અને ધારાસભ્ય પદેથી રાજીનામું આપ્યું હતું અને આ નેતાઓએ ભાજપમાં પ્રવેશ કર્યો છે. જો કે, વિસાવદર બેઠક પણ ખાલી છે.

## 4 કોંગ્રેસી નેતા અને 1 અપક્ષ નેતાને ટિકિટ આપી, ગુજરાત વિધાનસભાની હાલની સ્થિતિ

### કઈ કઈ બેઠક પરથી કોણે આપ્યા હતા રાજીનામાં?

1. માણાવદરના કોંગ્રેસના ધારાસભ્ય અરવિંદ લાડાણી
2. ખંભાતના કોંગ્રેસના ધારાસભ્ય પદેથી ચિરાગ પટેલ
3. વિજાપુરના કોંગ્રેસના ધારાસભ્ય પદેથી સી.જે.ચાવડા
4. પોરબંદરના કોંગ્રેસના MLA પદેથી અર્જુન મોઢવાડિયા
5. વિસાવદરના આપના ધારાસભ્ય ભૂપત ભાયાણી
6. વાઘોડિયાના અપક્ષ ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા

182 સભ્યો વાળી ગુજરાત વિધાનસભાની 2022માં ચૂંટણી યોજાઈ હતી. તે સમયે ભાજપે રેકોર્ડ જીત મેળવતા 156 બેઠકો પર જીત મેળવી હતી. ત્યારે કોંગ્રેસને 17, આમ આદમી પાર્ટીને 5, અપક્ષના 3 અને સમાજવાદી પાર્ટીની 1 બેઠક પર જીત મળી હતી. વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ અત્યાર સુધીમાં છ ધારાસભ્યો રાજીનામાં આપી ચૂક્યા છે. ત્યારબાદ ગુજરાત વિધાનસભાની હાલની સ્થિતિ ભાજપના 156, કોંગ્રેસ 13, આમ આદમી પાર્ટી 4, અપક્ષ 2 અને સપાના 1 ધારાસભ્ય છે. જેને લઈને આ ખાલી પડેલી છ વિધાનસભા બેઠકો માટે લોકસભા ચૂંટણીની સાથે જ પેટા ચૂંટણી યોજાશે. ત્યારે આ બેઠકો પોતાના નામે કરવા રાજકીય પક્ષોએ કમર કસવી પડે તેમ છે.


# ભાજપના પૂનમ માડમ સામે કોંગ્રેસે પાટીદાર કાર્ડ ખેલ્યું

## અત્યાર સુધીનો લોકસભા બેઠકનો ઈતિહાસ કેવો રહ્યો છે?

લોકસભા ચૂંટણીની તારીખો જાહેર થઈ ચૂકી છે. ગુજરાતની તમામ 26 બેઠકો પર 7 મેના રોજ મતદાન યોજાવાનું છે ત્યારે જામનગર બેઠક પર ભાજપ અને કોંગ્રેસે પોતાના ઉમેદવારોનાં નામની જાહેરાત કરી દેતા ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. જામનગર લોકસભા બેઠક પર છેલ્લી બે ચૂંટણીમાં હારનો સામનો કરનાર કોંગ્રેસે આ વખતે આહિર VS આહિર ઉમેદવાર ઉતારવાના બદલે પાટીદાર કાર્ડ ખેલ્યું છે.

# જામનગરની જંગમાં કોની જમાવટ થશે?





**પૂનમબેન માડમ V/S જે.પી. મારવિયા** જામનગર લોકસભા બેઠક પર છેલ્લી બે ટર્મથી જીતતા આવતાં પૂનમબેન માડમને ભાજપે સતત ત્રીજી વાર ચૂંટણી જંગમાં ઉતાર્યા છે. પૂનમબેન માડમ વર્ષ 2014માં તેમના કાકા વિક્રમ માડમને અને વર્ષ 2019માં મુળુ કંડોરિયાને હાર આપી દિલ્હી પહોંચ્યા હતા. જેને ટક્કર આપવા માટે કોંગ્રેસે 2024ના ચૂંટણી જંગમાં પાટીદાર સમાજમાંથી આવતા યુવા ઉમેદવારને ટિકિટ આપી છે. આ વખતે જામનગર જિલ્લા પંચાયતના વિપક્ષી નેતા જે.પી.મારવિયાની ભાજપનાં પૂનમ માડમ સામે સીધી ટક્કર જોવા મળશે.

### કોણ છે પૂનમબેન માડમ?

પૂનમબેન માડમે વર્ષ 2012માં ભાજપમાં પ્રવેશ કર્યો હતો. ભાજપમાં પ્રવેશ કર્યાના ગણતરીના કલાકોમાં જ પૂનમબેનને 2012 વિધાનસભા ચૂંટણીમાં ખંભાળિયા બેઠક પર ભાજપે ટિકિટ આપી હતી. જેમાં પૂનમબેનની જીત થઈ હતી. જે બાદ વર્ષ 2014 લોકસભા ચૂંટણી આવતા ભાજપે જામનગર લોકસભા બેઠક પર ઉમેદવાર બનાવતા જામનગર બેઠક પર કાકા વિક્રમ માડમ સામે પૂનમબેનની ટક્કર થઈ હતી. જેમાં પૂનમબેન પોણા બે લાખ કરતાં વધુ મતથી જીત મેળવી દિલ્હી પહોંચ્યાં હતાં. ભાજપે 2019ની ચૂંટણીમાં પણ પૂનમબેનને રિપિટ કરતા સવા બે લાખ કરતાં વધુ મતથી જીત મેળવી હતી. જામનગર બેઠક પર સતત બે ટર્મથી જીતતા આવતાં પૂનમબેનને ભાજપે 2024માં સતત ત્રીજીવાર મેદાનમાં ઊતર્યા છે. પૂનમબેનના પિતા હેમંતભાઈ માડમ પણ 1972થી 1990 દરમિયાન ચાર ટર્મ સુધી અપક્ષ તરીકે ધારાસભ્ય રહ્યા હતા.

### કોણ છે જે.પી.મારવિયા?

જામનગર લોકસભા બેઠક પર કોંગ્રેસે ટિકિટ આપી છે તે જે.પી.મારવિયા વ્યવસાયે વકીલ છે. જામનગર જિલ્લા પંચાયતની નિકાવા બેઠકથી સદસ્ય છે અને હાલ જિલ્લા પંચાયતમાં વિરોધ પક્ષના નેતા તરીકે કાર્યરત છે. કાલાવડ માર્કેટિંગ યાર્ડમાં પણ ડિરેક્ટર તરીકે કાર્યરત છે. જે.પી. મારવિયા છેલ્લાં 22 વર્ષથી કોંગ્રેસ સાથે જોડાયેલા છે.

### જામનગર લોકસભાનો ઈતિહાસ

જામનગર લોકસભા બેઠક પર 1952થી લઈ 2019 સુધી લોકસભાની 17 ચૂંટણીઓ યોજાયેલી છે. જેમાં 8 વાર કોંગ્રેસ, 7 વાર ભાજપ, 1 વાર સ્વતંત્ર પાર્ટી અને 1 વાર જનતા પાર્ટીએ આ બેઠક જીતી છે. અહીં ભાજપના ચંદ્રેશ પટેલ સૌથી વધુ પાંચ ટર્મ સાંસદ રહી ચૂક્યા છે. વર્ષ 2004માં સતત પાંચ ટર્મના સાંસદ ચંદ્રેશ પટેલને કોંગ્રેસના વિક્રમ માડમે હાર આપી હતી.

# રાજસ્થાનના પથ્થરમાંથી કલાત્મક શિલ્પનું નકશીકામ

## ભવ્ય સ્વામિનારાયણ અક્ષરધામ સુરતની ધરતી પર રચાશે

■ સુરત

ગુજરાતની પાટનગરી ગાંધીનગર, ભારતની રાજધાની દિલ્હી અને અમેરિકાની ધરતી પર ન્યૂજર્સીમાં ભારતીય સંસ્કૃતિના આંતરરાષ્ટ્રીય નજરાણા સમાન સ્વામિનારાયણ અક્ષરધામની રચના બાદ હવે સુરતની ધરતી પર ભવ્ય સ્વામિનારાયણ અક્ષરધામ રચાઈ રહ્યું છે. રાજસ્થાનના ગુલાબી પથ્થરમાંથી કલાત્મક શિલ્પો અને નકશી સાથે આ અક્ષરધામ મહામંદિરનું નિર્માણ ભરપૂર વેગે ચાલી રહ્યું છે. સ્વયંસેવકો દ્વારા આ મહામંદિરના પથ્થર ઘડતરનું કાર્ય ખૂબ વેગપૂર્વક ચાલી રહ્યું છે. ટૂંક સમયમાં જ આ અક્ષરધામનું નિર્માણકાર્ય સંપન્ન થશે ત્યારે શહેરની રોનકમાં એક આગવું તેજસ્વી આકર્ષણ ઉમેરાઈ જશે. BAPS સ્વામિનારાયણ સંસ્થા હિન્દુ મંદિરોના નિર્માણ માટે વિશ્વભરમાં એક આગવો રેકોર્ડ સ્થાપિત કરી ચૂકી છે.



## NEWS FILE

### રાજ્યભરમાં RTOના ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક ગુરુવારથી ફરી શરૂ




સુરતઃ ગુજરાતભરની RTO કચેરીમાં ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક માટેનું સર્વર છેલ્લા 12 દિવસથી બંધ હતું. જે 28 માર્ચથી ફરીથી કાર્યરત થતા ડ્રાઈવિંગ ટેસ્ટ માટે આવતા અરજદારોની મુશ્કેલીનો અંત આવ્યો છે. આજથી ફરી ડ્રાઈવિંગ ટેસ્ટ શરૂ થતાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ સહિતના જિલ્લાઓમાં આરટીઓ ખાતે અરજદારો ડ્રાઈવિંગ ટેસ્ટ આપવા માટે પહોંચ્યા હતાં. અમદાવાદ RTO દ્વારા દરરોજ લેવામાં આવતી અરજીઓમાં વધારો કરવામાં આવ્યો છે. જેમાં પહેલા 350 જેટલી અરજીઓ લેવામાં આવતી હતી, જેમાં 100 અરજીનો ઉમેરો કરી પેન્ડીંગ કામને સરભર કરી દેવામાં આવશે.

### 1 વર્ષમાં 46 હજારથી વધુ વાહનો વેચાયા, RMCને ફાયદો

રાજકોટ: રાજકોટ મનપાને મિલકત વેરા ઉપરાંત વાહનોનાં વેરામાં પણ રેકોર્ડબ્રેક આવક થઈ છે. ગત વર્ષ 2022-2023માં 42,019 વાહનો વેચાતા મનપાને રૂ.24 કરોડની આવક થઈ હતી. જેની સામે ચાલુ વર્ષે 46,810 વાહનો વેચાતા રૂ. 29.56 કરોડની આવક થઈ છે. આમ વાહન વેરાની આવકમાં રૂપિયા ચાર કરોડનો વધારો થયો છે. તો રૂ. 28 કરોડના ટાર્ગેટ કરતા પણ દોઢ કરોડ વધુ મળ્યા છે. જોકે, હજુ 4-5 દિવસ બાકી હોવાથી આવકમાં વધારો થવાની શક્યતા છે.

### પાટીલની ટકોર, બિનજરૂરી ભાષણ કે પોસ્ટ કરવી નહીં



રાજકોટઃ ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલે સૌરાષ્ટ્રની મુલાકાતે લીધી. સૌરાષ્ટ્રમાં તેમણે રાજકોટમાં ત્રણ અને સુરેન્દ્રનગરમાં એક કાર્યક્રમમાં હાજરી આપી. રાજકોટમાં તેમણે સૌરાષ્ટ્ર સોશિયલ મીડિયા મીટ, રાજકોટ શહેર જિલ્લાના બુથ પ્રમુખ, શક્તિ કેન્દ્રના ઈન્ચાર્જ તેમજ મંડલના ઈન્ચાર્જ સાત બેઠક યોજી બાદમાં પત્રકારો સાથે સંમેલનમાં ખાસ હાજરી આપી. આ પછી તેમણે સુરેન્દ્રનગર ખાતે સાંજે 4 વાગ્યાની આસપાસ બુથ કાર્યકર્તા સંમેલનમાં હાજરી આપી. સૌરાષ્ટ્ર સોશિયલ મીડિયા મીટ કાર્યક્રમમાં તેમણે સોશિયલ મીડિયાની ટીમથી નારાજગી વ્યક્ત કરી હતી કે તમે અપેક્ષા કરતા નિષ્ફળ રહ્યા છો.

# રાજ્ય અને કેન્દ્ર વચ્ચે વસેલા એક ગામની કરૂણતા

## « મધુબન ડેમના પાણીથી ઘેરાયેલુ છે શીંગડુંગરી

### લોકોને અવર-જવર માટે હોડી જ સહારો, વિદ્યાર્થીઓ હોડી ચલાવી ભણવા જવા મજબૂર

■ વલસાડ

દેશમાં લોકસભાની સામાન્ય ચૂંટણી આવતા દેશમાં રાજકીય માહોલ જામી રહ્યો છે. રાજકીય નેતાઓ ઠેર-ઠેર ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે અને મોટા મોટા વાયદાઓ કરી રહ્યા છે. આ વચ્ચે આજે આપણે વાત કરીશું રાજ્ય અને કેન્દ્ર વચ્ચે વસેલા એક ગામની કરૂણતા વિશેની. મધુબન ડેમના કેચમેન્ટ વિસ્તારમાં આવેલા કપરાડા તાલુકાના નગર ગામના શીંગડુંગરી ફળિયું એક ટાપુમાં પરિવર્તિત થયું છે. મધુબન ડેમમાં પાણી સંગ્રહ થતા નગર ગામના શીંગડુંગરી ફળિયામાં આવવા જવા માટે સ્થાનિક લોકોએ હોડી ઉપર આધાર રાખવો પડે છે. હલેસા મારતી હોડી ચલાવતા આવડવી તે આ વિસ્તારના લોકો માટે ફરજિયાત છે. આ ટાપુ ઉપર જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળા આવી છે. જેમાં ફરજ બજાવતા શિક્ષકો પણ વિદ્યાર્થીઓ માટે હોડી ચલાવી વિદ્યાર્થીઓને ભણાવવા આવે છે.

### હવામાન ખરાબ થાય તો લોકોને ભારે મુશ્કેલી, પ્રાથમિક સુવિધાઓથી વંચિત છે ગામ



આ વિસ્તારમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પણ નથી જેને લઈને મેડિકલ સારવાર માટે મધુબન ડેમના કેચમેન્ટ વિસ્તારમાં હોડી ચલાવી સામે કિનારે પહોંચ્યા બાદ 108 સહિતની સેવાઓ દર્દીઓને મળે છે. સાથે સરકારી તમામ યોજનાઓનો લાભ વિસ્તારના લોકોને મળતા નથી જેને લઈને વિસ્તાર પાયાની સુવિધાઓથી વંચિત રહી છે. વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના નગર ગામના દમણગંગા નદીના ટાપુ ઉપર શીંગડુંગરી ફળિયામાં આશરે 37 ઘર અને 192ની વસ્તી છે. એટલું જ નહીં મતદાન કરવા માટે પણ દોઢ કીમી સુધી હોડીના સહારે નદી પાર કરી આશરે ચારથી પાંચ કિમી દૂર મતદાન મથકે જવાની ફરજ પડતી હોવાની વાત સ્થાનીકે કરી હતી.

# પોતાનું અંગત જીવે છે કે મૃત્યુ પામ્યું છે? આ બે સવાલો વચ્ચે અટવાવું નહીં



## ઋણાનુબંધ

ભાવના પટેલ

નવલકથા - પ્રકરણ - 26

**તમે** કાયમ મારા સાચા અને સારા મિત્ર રહેશો. આપણે ક્યારેક મળીશું ,સાથે ચા પણ પીશું, સુખદુઃખની વાતો કરીશું, બધું જ એક મિત્રરૂપે. પ્લીઝ ગેરસમજ નહીં કરતા. તમારું દિલ દુઃખાવ્યું હોય તો માફ કરજો. મારો એવો કોઈ જ ઈરાદો નહોતો.' ઈન્સ્પેક્ટર ફિક્કું હસ્યા ને બોલ્યા, 'તમને ખબર છે મારી પત્ની દેખાવે ખુબ જ સુંદર છે. પરંતુ મનથી એ સાવ જ કદરૂપી છે. દરેક વાતમાં ઝઘડો, દરેક વાતને ઊંધી રીતે જ લેવાની. તમને ખબર છે મને તમારામાં શું ગમ્યું? તમારી ડહાપણ ભરેલી વાતો, કોઠાસૂઝ, રુખીબહેન જેવી ઠીઠ વ્યક્તિનું પણ અપમાન નહીં કરવાનો અભિગમ, મૃદુભાષી, આ બધા જ ગુણોને લીધે તમે મને ગમ્યા હતા.

મને બહુ જ સારી રીતે અનુભવ થઈ ગયો કે, તનની સુંદરતા કરતાં મનની સુંદરતા જીવનમાં વધારે જરૂરી છે.

તમે તમારી જગ્યાએ સાચા છો. પરંતુ એટલો વિશ્વાસ રાખજો કે તમારી ના થી શુભાનેગોતવાના પ્રયાસમાં કોઈ જ ફેર નહીં પડે. જિંદગીમાં ક્યારેય પણ મારું કામ પડે તો બેજીજક કહેજો. મને ખુશી થશે. તમારો આ સાચો અને સારો મિત્ર તમારી પડખે ઊભો રહેશે જ.'

આટલું કહીને તુલસીનો જવાબ સાંભળવાનીયે આશા રાખ્યા વગર ઈન્સ્પેક્ટર ત્યાંથી જતા રહેલા.

તમામ શક્યતાઓ વિચારીને ઈન્સ્પેક્ટરે શુભાને શોધવાનું કામ ચાલુ કરેલું. હવે તો એમાં એક જૂનુન પણ ઉમેરાયું હતું. નાના-મોટા ગુનેગારો, જેલમાં હોય કે છૂટી ગયા હોય, તમામને સામ-દામ-દંડ-ભેદનો ઉપયોગ કરીને વાત કઢાવવાનો પ્રયત્ન કરેલો. પોતાના તમામ ખબરીઓની સાથે પણ પર્સનલી વાત કરીને એ બધાને પણ કામે લગાડ્યા હતા.

પરંતુ પરિણામ શૂન્ય જ હતું. ક્યાંયથી કોઈ જ સુરાગ નહોતો મળ્યો. અકસ્માત થયો એ જગ્યાએ તથા તેની આજુબાજુના ગામડામાં જાતે જઈને પોતે તપાસ કરેલી, પરંતુ ક્યાંયથી એક નાનકડી કડી પણ નહોતી મળી. જમીન ગળી ગઈ કે આસમાનમાં એ સમાઈ ગઈ!

પોતાનું અંગત જીવે છે? કે મૃત્યુ પામ્યું છે? આ બે સવાલો વચ્ચે અટવાવું ધારીએ એટલું સરળ નથી. મૃત્યુ પામ્યા હોવાનું મન સ્વીકારતું નથી અને જીવિત હોવાના પુરાવા મળતા નથી.

આ દ્વંદ્વમાં જાત આખી નીચોવાઈ જાય છે, મન થાકી જાય છે. આ બધાથીતુલસીએ પોતાની જાતને ચાર દીવાલોમાં કેદ કરી દીધેલી.

દરેક નવી સવાર તુલસી માટે એક નવી આશા લઈને આવતી હતી, ને દરેક સાંજ એક નિસાસા સાથે પૂરી થતી હતી. રુખીબહેને જ્યારથી લક્ષ્મીપ્રસાદની કેસેટ સાંભળી હતી, ત્યારથી એ એકદમ ડરી ગયા હતા. આ ઉંમરે હવે એને જેલમાં જવું નહોતું, આ ડરથી એમનો વ્યવહાર એકદમ જ બદલાઈ ગયો હતો.

એના મૂળભૂત સ્વભાવ પ્રમાણે એ તુલસીને પ્રેમ તો નહોતા જ કરી શકવાના, પરંતુ ખોટી રીતે એને હેરાન કરવાનું, વાંકુબોલવાનું, ગાળો બોલવાનું બંધ કરી દીધું હતુ.

લક્ષ્મીપ્રસાદે એમને બરાબર ઓળખ્યા હતા. ખરેખર એવો કોઈ જ પત્ર કોઈનેય લખ્યો નહોતો. માત્ર બીક જ બતાવી હતી કે જેથી એ તુલસીને હેરાન ના કરે. એ કીમિયો બરાબર કારગત નિવડ્યો હતો.

લક્ષ્મીપ્રસાદે એમનું વિલ બનાવીને બધું જ તુલસીના નામે કરતા ગયા હતા, પરંતુ તુલસીએ પોતાના નામ પર બધું જ થઈ જાય એવી કોઈ જ તાજવીજ કરી નહોતી. એ બેંકમાંજઈનેય



તપાસ કરી આવ્યા હતા, પરંતુ ત્યાં પણ બધું જ લક્ષ્મીપ્રસાદના નામ પર જ હતું કબાટનીચાવીઓ પણ ક્યાં માંગી હતી એણે!

હવે રુખીબહેનને લાગવા માંડ્યું હતું કે, એમને તુલસી તરફથી કોઈ જ ખતરો નથી. એક જ ઘરમાં એકલી રહેતી બે સ્ત્રીઓ વચ્ચે જરૂર પડતી વાત કરવાના સંબંધો સ્થપાયા હતા. કોઈનું અપમાન કરવાનું તો તુલસીના સ્વભાવમાં જનહોતું . રુખીબહેન પણ તુલસીને ગાળો નહોતા બોલતા, અપમાન નહોતા કરતા તેથી તુલસી પણ જરૂર પૂરતી વાતો એમની સાથે કરી લેતી.

'અખિલનેમર્યે પાંચ મહિના પૂરા થઈ જાહે આ બે દી પછી' તારીખીયાનું પાનું તોડતારુખીબહેનના મગજમાં વિચાર આવ્યો. મરનાર બાળકી શુભા નથી તો મરનાર અખિલેય ન હોય કદાચ, પહેલા રુખીબહેન આવું વિચારતા પરંતુ જેમ-જેમ દિવસો જતા ગયા, મહિનાઓ થયા ને આજે બે દિવસ પછી પાંચ મહિના પૂરા થઈ જશે.

હવે એના જીવતા હોવાની શક્યતા એમને લાગતી નહોતી. એ સાથે જ એમને વિચાર આવ્યો કે, કંઈક હોમ-હવન એની પાછળ કરું તો?

અઠવાડિયામાં એકવાર લક્ષ્મીપ્રસાદ અને રુખીબહેન શુભાને લઈને ભવનાથના મંદિરે જતા. શુભાને મંદિર બહુ જ ગમતું. એ તળેટીનું રમણીય વાતાવરણ મહાદેવનો સંગાથ ને બાજુમાં જ ગરવો ગિરનાર. કોને એનું આકર્ષણ ના થાય!

ભવનાથના વિચારે રુખીબહેને વિચાર્યું કે અખિલની આ તિથિએ ત્યાં એકવીસ બ્રાહ્મણોને જમાડીને હવન કરાવું, પૂજા કરાવું. તુલસીને એમણે આ વાત કરી. તુલસીએ એમની ઈચ્છાનુસાર બધી જ તૈયારી કરી દીધી. સીધુ, સામાન, પૂજાપો, બ્રાહ્મણો સાથે વાત બધું જ કરી દીધું.

પૂજા પણ સરસ રીતે પતી ગઈ, બ્રાહ્મણો જમી રહ્યા, એમને દક્ષિણા પણ અપાઈ ગઈ. બધું. આટોપીને તુલસીએ રુખીબહેનને કહ્યું કે તમે ગાડીમાં જઈને બેસો, આ જમવાનું વધ્યું છે એ હું બહાર બેસતા ગરીબોને આપીને આવું.

રુખીબહેન મંદિરમાંથી બહાર આવ્યા. રસ્તાની પેલી બાજુ ગાડી પડી હતી. રસ્તો ઓળંગી રહ્યા હતા ને એમણે બૂમો સાંભળી, ને એ ઊભા રહી ગયા ને જોવા લાગ્યા કે શું થયું છે!

**ક્રમશઃ વધુ આવતા અંકે...**

લેખકની કૃતિઓ અનેક પ્રકાશનોમાં છપાઈ ચૂકી છે. આપ સૌના મૂલ્યવાન સૂચન, મંતવ્યો તમે તેમને +91 94291 31129 પર વોટ્સએપ દ્વારા મોકલી શકો છો. કે bjpatel1970@gmail.com પર મોકલી શકો છો.

## સાપ્તાહિક રાશિફળ



Durgaprasad shastri
Astrology & vastu services

durgaprasadastro@gmail.com
Acharya Durgaprasad Shastri
India - 9376115884, 7574888002

### મેષ



(અ, લ, ઈ)

પોઝિટિવઃ- આ સમયે તમારા ખાસ પ્રયાસો તમારા લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં અને તમારી આર્થિક સ્થિતિ સુધારવામાં રહેશે. નકામી પ્રવૃત્તિઓમાંથી તમારું ધ્યાન હટાવીને તમારા કામ પર કેન્દ્રિત રહો. પરિવારના કોઈ સભ્યના લગ્ન સંબંધી સંબંધ પણ આવી શકે છે. ઉતાવળમાં કોઈ નિર્ણય ન લો. ભાઈ-બહેન સાથેના સંબંધોમાં મધુરતા જાળવવામાં તમારું યોગદાન મહત્વપૂર્ણ છે.

### વૃષભ



(બ.વ.ઉ)

સામાજિક અને પારિવારિક કાર્યોમાં તમારી સ્થિતિ રહેશે. તમને મીડિયા અથવા ઈન્ટરનેટ દ્વારા કેટલીક મહત્વપૂર્ણ માહિતી પ્રાપ્ત થશે, જેના પર ધ્યાન આપવું તમારા માટે ફાયદાકારક રહેશે. જો કોઈ સરકારી મામલો ચાલી રહ્યો હોય તો તે જટિલ બની શકે છે. કોઈપણ મુદ્દા પર ચર્ચા કરતી વખતે યોગ્ય શબ્દો પસંદ કરો, નહીં તો વાદ-વિવાદની સ્થિતિ ઊભી થઈ શકે છે.

### મિથુન



(ક.છ.ઘ)

ઘરમાં યોગ્ય વ્યવસ્થા જાળવવાના પ્રયાસો સફળ થશે. જેના કારણે પરિવારના તમામ સભ્યો પોતાના અંગત કામમાં ધ્યાન આપી શકશે. વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ અને સંશોધનમાં સારું પરિણામ મળશે. ઘરમાં અનિચ્છનીય લોકોના આગમનથી તમે ખુશ નહીં થશો. નાણાકીય પરિસ્થિતિઓમાં કેટલાક ઉતાર-ચઢાવને કારણે તમે પરેશાન રહેશો.

### કર્ક



(ડ.હ)

આ સમયે કેટલીક પ્રતિકૂળ પરિસ્થિતિઓ ઊભી થશે, પરંતુ તમારો આત્મવિશ્વાસ તમને તેનો સામનો કરવાની ક્ષમતા પણ આપશે. તમારા દ્વારા કરવામાં આવેલા પ્રયત્નોનું યોગ્ય પરિણામ મળશે. મિત્રો કે સંબંધીઓને મળવાની તક પણ મળશે. વરિષ્ઠ અને આદરણીય વ્યક્તિઓનો અનાદર ન કરો. પૂર્વજોની સમસ્યા પણ ઊભી થઈ શકે છે.

### સિંહ



(મ.ટ)

અનેક પ્રકારની પ્રવૃત્તિઓ ચાલુ રહેશે, તેનું સુચારુ આયોજન કરવાથી તમને ચોક્કસ સફળતા મળશે. કેટલાક પ્રશંસનીય કાર્યને કારણે તમને સમાજમાં માન-સન્માન મળશે. યુવાનોને તેમની કારકિર્દી સંબંધિત લાંબા સમયથી ચાલી રહેલા પ્રયત્નોનું પરિણામ મળવાનું છે. તમારી અંગત બાબતોમાં ફસાઈ જવાને કારણે અન્ય કામ પણ અધૂરા રહી શકે છે.

### કન્યા



(પ.ઠ.ણ)

તમને અનુભવી અને પ્રભાવશાળી લોકોનું માર્ગદર્શન મળશે. તમે તમારા કાર્યને નવો આકાર આપવા માટે વધુ રચનાત્મક રીત અપનાવશો અને સફળતા પણ મળશે. ખર્ચની સાથે આવકમાં વધારો થવાથી આર્થિક વ્યવસ્થા સારી રહેશે. જેના કારણે વર્તનમાં થોડી ચીડિયાપણું આવી શકે છે. લેવડ-દેવડ કરતી વખતે બેદરકારી ન રાખો નહીંતર ભૂલ થઈ શકે છે.

### તુલા



(ર.ત)

તમારી મહેનત અને પ્રયત્નો સાર્થક પરિણામ આપશે. કંઈક નવું શરૂ કરવા માટે સમય ખૂબ જ અનુકૂળ છે. પેન્ડિંગ પેમેન્ટ મળ્યા પછી તમારી નાણાકીય સ્થિતિમાં પણ સુધારો થશે. તમે ભાવુક થઈને પોતાને નુકસાન પહોંચાડી શકો છો. તેથી, તમારા હૃદયને બદલે તમારા મગજથી નિર્ણય લો. બાળકોની ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખો, તેઓ કોઈ પ્રકારનું નુકસાન પહોંચાડી શકે છે.

### વૃશ્ચિક



(ન.ય)

પરિવાર અને નાણાં સંબંધી લીધેલા મહત્વપૂર્ણ નિર્ણયો સકારાત્મક રહેશે. અને છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી કોઈપણ સમસ્યાનું નિરાકરણ પણ કરવામાં આવશે. કોઈ સારા સમાચાર મળવાથી ઘરમાં ઉત્સવનું વાતાવરણ રહેશે. દિવસના ઉત્તરાર્ધમાં ગ્રહોની સ્થિતિ થોડી પ્રતિકૂળ બની શકે છે. નકારાત્મક સંજોગોમાં તમારું મનોબળ ડગમગવા ન દો.

### ધન



(ભ.ફ.ધ.ઢ)

તમને કેટલાક સમયથી ચાલી રહેલી સમસ્યાનો ઉકેલ મળશે અને તમે માનસિક શાંતિનો અનુભવ કરશો. પરિવાર સાથે ખરીદીમાં પણ યોગ્ય સમય પસાર થશે. કેટલાક શુભ પ્રસંગનું પણ આયોજન કરવામાં આવશે. નજીકના સંબંધીઓ સાથે સૌહાર્દપૂર્ણ સંબંધો જાળવી રાખો. મિલકત સંબંધિત મામલાઓમાં પણ વિવાદ થઈ શકે છે. જોખમી પ્રવૃત્તિઓથી દૂર રહો.

### મકર



(ખ.જ)

ગ્રહોનું સંક્રમણ સકારાત્મક રહેશે. અટકેલા કામને ગતિ મળશે. તમને પ્રતિષ્ઠિત લોકો સાથે મળવાથી લાભ અને સન્માન પણ મળશે. જેના કારણે તમારી કાર્ય ક્ષમતામાં પણ સુધારો થશે. જો કોઈ સરકારી કે કોર્ટ સંબંધિત મામલો ચાલી રહ્યો હોય તો આજે સાવધાન રહેવાની જરૂર છે. આને લગતી કોઈપણ બાબતને લઈને તણાવ પેદા થઈ શકે છે.

### કુંભ



(ગ.સ.શ.ષ)

તમારી કેટલીક ખાસ સમસ્યાઓ મિત્રની મદદથી દૂર થવા જઈ રહી છે. જીવનધોરણ સુધારવાના પ્રયાસો મહદઅંશે સફળ થશે. તમે સકારાત્મક અને આશાવાદી અનુભવ કરશો. તમારી રચનાત્મક અને રુચિ સંબંધિત કાર્યમાં પણ તમારો સમય આનંદદાયક રહેશે. બીજાની બાબતોમાં વધુ પડતી દખલગીરીથી દૂર રહો. આના કારણે તમારી પ્રતિષ્ઠાને નુકસાન પણ થઈ શકે છે.

### મીન



(દ.ચ.ઝ.થ)

ગ્રહોનું સંક્રમણ યોગ્ય રહેશે. તમારા કામને સમજી વિચારીને અને શાંતિથી સંભાળવાથી તમને ચોક્કસપણે સફળતા મળશે. સકારાત્મક સ્વભાવના લોકો સાથે સંગત કરવાથી તમારો આત્મવિશ્વાસ અને મનોબળ વધશે. ગેરસમજને કારણે વાદ-વિવાદ થશે. તમારી વાણી પર નિયંત્રણ રાખો. મનોરંજન સંબંધિત પ્રવૃત્તિઓ પર વધુ ખર્ચ થવાને કારણે બજેટ બગડી શકે છે.

### લગ્નના તાંતણે બંધાઈ વધુ એક બોલીવુડની સફળ અભિનેત્રી

# તાપસીએ બોયફ્રેન્ડ સાથે લગ્નના સાત વચનોમાં બંધાઈ ગઈ



■ ઉદયપુર

બોલિવૂડ અભિનેત્રી તાપસી પન્નુને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. તેમણે બોયફ્રેન્ડ અને બેડમિન્ટન ખેલાડી મેથિયાસ બો સાથે લગ્ન કર્યા છે. અહેવાલો અનુસાર, તાપસી પન્નુ અને મેથિયાસ બોએ 23મી માર્ચે લગ્નના તાંતણે બંધાયા હતા. સમારોહમાં તેમના પરિવાર અને નજીકના મિત્રો હાજર રહ્યા હતા. લગ્ન ઉદયપુરમાં થયા હતા.અહેવાલ અનુસાર, લગ્નની તૈયારીઓ 20મી માર્ચથી શરૂ થઈ હતી. તાપસી પન્નુ અને મેથિયાસ બોએ તેમના ખાસ દિવસ તેમના નજીકના લોકો સાથે વિતાવવા માંગતા હતા. તેઓ આ લગ્ન પર મીડિયાનું ધ્યાન ઈચ્છતા ન હતા, જેના કારણે તેઓએ તેમના લગ્નની જાહેરમાં જાહેરાત કરી ન હતી. નજીકના મિત્રો અને પરિવારની હાજરીમાં બંને લગ્નના બંધનમાં બંધાયા હતા.

### લગ્નમાં કોણે હાજરી આપી

ફિલ્મ મેકર અનુરાગ કશ્યપ અને કનિકા ધિલ્લોન લગ્નમાં હાજરી આપી હતી. તાપસી પન્નુની ફિલ્મ 'થપ્પડ' કો-એક્ટર પાવેલ ગુલાટીએ લગ્નની એક ફોટો શેર કરી હતી. જ્યાં અભિનેતા અભિલાષ થાપિયાલ પણ હાજર હતા. અહેવાલો અનુસાર, તાપસી ટૂંક સમયમાં મુંબઈમાં પાર્ટી આપશે. તાપસી પન્નુ અને મેથિયાસ બો પહેલીવાર 2013માં ઈન્ડિયન બેડમિન્ટન લીગના ઓપનિંગ સેરેમનીમાં એકબીજાને મળ્યા હતા. વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, તાપસી પાસે 'ફિર આયી હસીન દિલરૂબા', 'વો લડકી હૈ કહાં' અને 'ખેલ ખેલ મેં' છે. તાપસી છેલ્લે શાહરૂખ ખાન સાથે ડિરેક્ટર રાજકુમાર હિરાનીની ફિલ્મ 'ડિંકી'માં જોવા મળી હતી.

## NEWS FILE

### નવાઝુદ્દીન અને પત્ની આલિયા વચ્ચે સમાધાન,આલિયા બાળકો સાથે ફરી ઘરે પહોંચી



મુંબઈ : નવાઝુદ્દિન સિદ્દિકી તથા તેની પત્ની આલિયા વચ્ચે લાંબા સમય સુધી તકરાર તથા કોર્ટ કેસોનો સિલસિલો ચાલ્યા બાદ હવે આખરે સમાધાન થઈ ગયું છે. આલિયા સંતાનો સાથે ફરી નવાઝના ઘરે રહેવા ગઈ છે અને બંનેએ સાથે મેરેજ એનિવર્સરી પણ મનાવી હતી. આલિયા તથા નવાઝ બાળકો સાથે મસ્તી કરી રહ્યાં હોય તેવો ફોટો સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવ્યો હતો. તે પછી અનેક લોકોએ તેમને લગ્ન જીવનને એક નવી તક આપવા બદલ અભિનંદન પાઠવ્યાં હતાં.ઉલ્લેખનીય છે કે, માર્ચ ૨૦૨૩માં આલિયા અને નવાઝુદ્દીન અલગ થઈ ગયા હતા. આલિયાએ નવાઝુદ્દીન પર મારપીટ, ખાવાનું ન આપવાથી લઈને ઘરમાં કેદ કરવા જેવા ગંભીર આરોપો મુક્યા હતા.

# યશ સાથેની ફિલ્મમાં કિયારા અડવાણી ગોઠવાઈ ગઈ

### કરીનાએ વધુ પડતી ફી માંગતા પડતી મૂકાઈ

■ મુંબઈ



સાઉથના અભિનેતા યશની આગામી ટોક્સિક હાલ ચર્ચામાં છે. આ ફિલ્મનું દિગ્દર્શન નેશનલ એવોર્ડ વિનર ગીતૂ મોગનદાસ બનાવી રહી છે. થોડા સમય પહેલા રિપોર્ટ હતો કે, આ ફિલ્મમાં યશ સાથે જોડી કરીના કપૂર ખાન જમાવાની છે. કરીનએ પણ એક પત્રકાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, તે સાઉથની એક બિગ બજેટમાં કામ કરવાની છે. પરંતુ હવે આ ફિલ્મને લઈને અપડેટ છે કે, આ ફિલ્મમાં કિયારા અડવાણી મુખ્ય રોલમાં જોવા મળવાની છે.કરીના કપૂર ખાનના હાથમાંથી આ ફિલ્મ જતી રહી છે. જોકે એક રિપોર્ટના અનુસાર આ ફિલ્મોમાં બે હિરોઈનો હોવાની અટકળ છે. હાલમાં એક રિપોર્ટ આવ્યો છે કે, યશ સાથે સાઉથની ફિલ્મમાં કરીના કપૂર ખાન નહીં પરંતુ કિયારા અડવાણી જોવા મળશે. રિપોર્ટની માનીએ તો કરીના કપૂર ખાને અધધધ ફી માંગી હતી.

# કૃતિ સેનન 10 વર્ષ નાના બિઝનેસમેનના પ્રેમમાં!

### પ્રભાસ સાથે અફેર જેવો પબ્લિસિટી સ્ટંટ કર્યો


■ મુંબઈ



એક્ટ્રેસ કૃતિ સેનન પોતાનાથી દસ વર્ષ નાના બિઝનેસમેન કબીર બહિયા સાથે ડેટિંગ કરતી હોવાની અફવા છે. બંને લંડનમાં હાથમાં હાથ પરોવી ઘૂમી રહ્યાં હોવાની કેટલીક તસવીરો વાયરલ થઈ છે. જોકે, સંખ્યાબંધ નેટ યૂઝર્સ માની રહ્યા છે કે કૃતિની આગામી ફિલ્મ ક્રૂ રિલીઝ થવાની છે. એટલે તેના માટે આ પબ્લિસિટી સ્ટન્ટ પણ હોઈ શકે છે. અગાઉ કૃતિ અને પ્રભાસની આદિપુરૂષ ફિલ્મ આવવાની હતી ત્યારે પણ બંને વચ્ચે સિરિયસ અફેર હોવાની ચર્ચા ફેલાવાઈ હતી. કબીર દહિયા યુકેનો બિઝનેસમેન છે અને તે ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોનીની પત્ની સાક્ષી ધોનીનો સંબંધી હોવાનું કહેવાય છે. તેની મહેન્દ્રસિંહ ધોની તથા સાક્ષી સાથેની કેટલીક તસવીરો પણ ઈન્ટરનેટ પર ફરતી થઈ છે. જોકે, આ અટકળો અંગે કબીર દહિયા કે કૃતિ તરફથી કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી.

### ટાઈગર શ્રોફની હિરો નંબર વન બાદ રેમ્બો ફિલ્મ પણ લટકી

150 કરોડનું બજેટ ટાઈગર પાછળ ખર્ચવામાં અવઢવ




મુંબઈઃ ટાઈગર શ્રોફની રેમ્બો ફિલ્મ પણ અટકાવી દેવામાં આવી છે. આ પહેલાં ટાઈગરની હિરો નંબર વન પણ મુલત્વી રાખી દેવામાં આવી છે. આમ બે બે મહત્વના પ્રોજેક્ટ અટકી જતાં ટાઈગરનું ભાવિ અનિશ્ચિત બન્યું છે. હવે જો ટાઈગરની અક્ષય કુમાર સાથેની બડે મિયાં છોટે મિયાં ફિલ્મ હિટ થશે તો જ આ પ્રોજેક્ટ આગળ વધારાશે. એક્ટિંગમાં ઝીરો ટાઈગર માત્ર બાવડાંના સહારે એક્શનના જોરે ચાલતો કલાકાર છે. આથી, તેને લઈને હોલીવૂડની રેમ્બો સીરીઝની ફિલ્મનું ઈન્ડિયન વર્ઝન બનાવવાનું નક્કી થયું હતું.

# જાતીય સતામણીના કેસમાં મિસિસ સોઢીની જીત

### « આસિત મોદીને પાંચ લાખનો દંડ ફટકારાયો

### તારક મહેતા સિરિયલના પ્રોડ્યુસર સામે કોર્ટનો ચુકાદો


■ મુંબઈ


તારક મહેતા કા ઉલ્ટા ચશ્માની મિસિસ સોઢી ફેમ અભિનેત્રી જેનિફર મિસ્ત્રીનો શોના પ્રોડ્યુસર આસિત કુમાર મોદી સામે જાતીય સતામણીના કેસમાં જીત થઈ છે. અભિનેત્રીએ મંગળવારે આ બાબતની પુષ્ટી કરતા જણાવ્યું કે 15 ફેબ્રુઆરીએ કોર્ટનો ચુકાદો આવ્યો હતો અને મોદીને બાકીની રકમ ચુકવી દેવાનો આદેશ આપ્યો હતો. ઉપરાંત કોર્ટે મોદીને રૂ પાંચ લાખ વળતર તરીકે જેનિફરને ચુકવવા પણ જણાવ્યું છે. કોર્ટે ચુકાદામાં જણાવ્યું હતું કે આસિત મોદીએ અભિનેત્રીને બાકીની રકમ તેમજ આ રકમ હેતુપૂર્વક ન ચુકવવાના દંડ તરીકે વધારાનું વળતર અને સતામણી માટે રૂ. પાંચ લાખ વધારાના ચુકવવા પડશે. મોદીએ જેનિફરને કુલ લગભગ 25 થી 30 લાખ રૂપિયા ચુકવવા પડશે. જેનિફરે જણાવ્યું કે આ ચુકાદો 15 ફેબ્રુઆરીએ જ આપી દેવાયો હતો પણ તેને આ બાબત મીડિયામાં શેર ન કરવાની તાકીદ કરાઈ હતી.



### પૂર્ણ ન્યાય ન મળ્યો હોવાનો અફસોસ

જેનિફરે ઉમેર્યું કે આ ચુકાદાથી સ્પષ્ટ થયું હતું કે તેનો કેસ ખોટ નહોતો અને તે આવું કરીને કોઈ પબ્લિસિટી મેળવવા નહોતી માગતી. જેનિફરે જણાવ્યું કે મારી સતામણી થઈ હોવાનું કબૂલ થયા હોવા છતાં મને હજી પૂર્ણ ન્યાય ન મળ્યો હોવાનો અફસોસ છે. જો કે તારક મહેતા કા ઉલ્ટા ચશ્માની આ ભૂતપૂર્વ અભિનેત્રીએ એમ પણ જણાવ્યું કે તેને હજી સુધી તેની રકમ મળી નથી. ઉપરાંત શોના પ્રોજેક્ટ હેડ સોહેલ રામાણી અને એક્ઝેક્યુટીવ પ્રોડ્યુસર જતિન બજાજને કોઈ સજા ન થઈ હોવાથી પણ જેનિફર હતાશ થઈ હતી. ઉલ્લેખનીય છે કે તારક મહેતા કા ઉલ્ટા ચશ્મામાં મિસિસ સોઢીનું પાત્ર ભજવતી જેનિફર મિસ્ત્રીએ 2023માં શો છોડી દીધો હતો અને પછી આસિત કુમાર મોદી, શોના પ્રોજેક્ટ હેડ સોહૈલ રામાણી અને એક્ઝેક્યુટીવ પ્રોડ્યુસર જતિન બજાજ સામે કાર્ય સ્થળે જાતીય સતામણીના આરોપ લગાવ્યા હતા.




## હાર્દિક પંડ્યાની ટીમને 31 રનથી કારમી હારનો સામનો કરવો પડ્યો

# SRH-MIની મેચમાં 38 છગ્ગા, કુલ 523 રન, બેટરોથી રેકોર્ડ ધરાશાયી



### બંને ટીમો તરફથી કુલ 4 ફિફ્ટી ફટકારવામાં આવી ~~0000000~~

■ હૈદરાબાદ

IPL 2024માં સનરાઈઝર્સ હૈદરાબાદ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે રોમાંચક મેચ રમાઈ હતી. આ મેચમાં હાર્દિક પંડ્યાની ટીમને 31 રનથી કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. પેટ કમિન્સના નેતૃત્વમાં SRHની ટીમે IPLના ઈતિહાસમાં સૌથી વધુ સ્કોર બનાવ્યો હતો. ટીમે 20 ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને 277 રન બનાવ્યા હતા. આ મામલે તેણે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરનો 11 વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો હતો. મુંબઈ ઈન્ડિયન્સ આ ટાર્ગેટનો પીછો કરવામાં નિષ્ફળ રહી હતી. પંડ્યાના નેતૃત્વમાં MIએ 20 ઓવરમાં પાંચ વિકેટ ગુમાવીને 246 રન બનાવ્યા હતા. આ મેચમાં ઘણા રેકોર્ડ બન્યા હતા.

### IPLમાં ટીમનો સર્વોચ્ચ સ્કોર

277/3 - સનરાઈઝર્સ હૈદરાબાદ vs મુંબઈ ઈન્ડિયન્સ, હૈદરાબાદ, 2024
263/5 - રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર vs પુણે વોરિયર્સ, બેંગલુરુ, 2013
257/5 - લખનઉ સુપર જાયન્ટ્સ vs પંજાબ કિંગ્સ, મોહાલી, 2023
248/3 - રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર vs ગુજરાત લાયન્સ, બેંગલુરુ, 2016
246/5 - ચેન્નઈ સુપર કિંગ્સ vs રાજસ્થાન રોયલ્સ, ચેન્નઈ, 2010
246/5 - મુંબઈ ઈન્ડિયન્સ vs સનરાઈઝર્સ હૈદરાબાદ, હૈદરાબાદ, 2024

### IPL 2024 ચોગ્ગા-છગ્ગાનો વરસાદ

IPL 2024માં રમાયેલી આ મેચમાં ચોગ્ગા અને છગ્ગાનો વરસાદ થયો હતો. તેમજ બંને તરફથી કુલ 4 ફિફ્ટી પણ ફટકારવામાં આવી હતી.બંને ઈનિંગ્સમાં કુલ 69 બાઉન્ડ્રી ફટકારવામાં આવી હતી. અગાઉ ચેન્નઈ સુપર કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચેની મેચમાં પણ 69 બાઉન્ડ્રી ફટકારવામાં આવી હતી. આ મેચ વર્ષ 2010માં ચેન્નઈમાં રમાઈ હતી.

### IPL મેચમાં સૌથી વધુ બાઉન્ડ્રી (4s+6s)

69 - ચેન્નઈ સુપર કિંગ્સ vs રાજસ્થાન રોયલ્સ, ચેન્નઈ, 2010
69 - સનરાઈઝર્સ હૈદરાબાદ vs મુંબઈ ઈન્ડિયન્સ, હૈદરાબાદ, 2024
67 - પંજાબ કિંગ્સ vs લખનઉ સુપર જાયન્ટ્સ, લખનઉ, 2023
67 - પંજાબ કિંગ્સ vs કોલકાતા નાઈટ રાઈડર્સ, ઈન્દોર, 2018
65 - ડેક્કન ચાર્જર્સ vs રાજસ્થાન રોયલ્સ, હૈદરાબાદ, 2008

### IPL ઈતિહાસમાં સૌથી વધુ છગ્ગા

સનરાઈઝર્સ હૈદરાબાદ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે રમાયેલી મેચમાં બંને ટીમોએ પોતપોતાની ઈનિંગમાં છગ્ગાનો વરસાદ કર્યો હતો. આ મેચમાં 38 છગ્ગા ફટકારવામાં આવ્યા હતા, જે IPL ઈતિહાસમાં સૌથી વધુ છે. અગાઉ વર્ષ 2018માં RCB અને CSK વચ્ચે રમાયેલી મેચમાં 33 છગ્ગા ફટકારવામાં આવ્યા હતા. આ મેચ બેંગલુરુમાં રમાઈ હતી.

## NEWS FILE

### કોહલીની T20માં ધવન-વોર્નરને પછાડી 'વિરાટ' સિદ્ધિ, એશિયાનો પ્રથમ ખેલાડી બન્યો




પંજાબઃ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના સ્ટાર બેટર વિરાટ કોહલીએ IPL 2024માં પંજાબ કિંગ્સ સામે તેના T20 કરિયરની 100મી ફિફ્ટી ફટકારી હતી. આ સાથે તે T20 ક્રિકેટમાં 100 ફિફ્ટી ફટકારનાર એશિયાનો પ્રથમ ખેલાડી બની ગયો છે. કોહલી T20માં 100મી વખત 50 રનનો આંકડો પાર કરનાર પ્રથમ ભારતીય બેટર બની ગયો છે. આ પહેલા ચેન્નઈ સુપર કિંગ્સ સામે રમાયેલી મેચમાં કોહલીએ T20માં 12,000 રનનો આંકડો પાર કર્યો હતો. હવે કોહલીએ T20માં 100મી વખત 50 રનનો આંકડો પાર કર્યો છે. ચિન્નાસ્વામીમાં પંજાબ સામે રમાયેલી મેચમાં કોહલીએ IPLમાં પોતાની 51મી ફિફ્ટી ફટકારી હતી. આ સિવાય તેણે ટુર્નામેન્ટમાં 7 સદી પણ ફટકારી છે. કોહલીએ પંજાબ સામે 31 બોલમાં પોતાની ફિફ્ટી પૂરી કરી હતી.

### IPL-2024ના ઓપનિંગ ડેને 16.8 કરોડ દર્શકોએ જોઈ



ચેન્નઈઃ ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની 17મી સિઝનના પ્રથમ દિવસે (ઓપનિંગ સેરેમની અને મેચ) રેકોર્ડ 16 કરોડ 80 લાખ દર્શકોએ ટેલિકાસ્ટ જોયું. લીગના સત્તાવાર પ્રસારણકર્તા ડિઝની સ્ટાર નેટવર્કે ગુરુવારે 28 માર્ચે આ માહિતી આપી હતી. પ્રથમ દિવસે 1276 કરોડ મિનિટનો વોચ-ટાઈમ નોંધવામાં આવ્યો હતો, જે કોઈપણ IPL સિઝનના શરૂઆતના દિવસ માટે સૌથી વધુ છે. જો કે, ડેટામાં IPL-2020 સિઝનનો સમાવેશ થતો નથી જે યુએઈમાં કોરોનાવાયરસ રોગચાળા દરમિયાન યોજાઈ હતી. ડિઝની સ્ટાર નેટવર્ક પર પ્રથમ દિવસે કુલ 61 મિલિયન દર્શકોએ સિમ્યુલકાસ્ટ જોયું.

# ભારતનો ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર્થ ટેસ્ટથી શરૂ થશે

« 22મી નવેમ્બરથી પ્રથમ મેચ શરૂ થશે

### 7મી જાન્યુઆરી સુધી વિદેશમાં ચાલશે ક્રિકેટનો મહાજંગ

■ કેનબેરા

ટીમ ઈન્ડિયા આ વર્ષે નવેમ્બરમાં 5 ટેસ્ટ મેચની શ્રેણી માટે ઓસ્ટ્રેલિયાના પ્રવાસે જશે. પ્રથમ મેચ 22 નવેમ્બરથી પર્થમાં રમાશે. સિરીઝની છેલ્લી મેચ 3 જાન્યુઆરીથી સિડનીમાં શરૂ થશે. ટીમ ઈન્ડિયા 10 વર્ષથી ઓસ્ટ્રેલિયા સામે કોઈ ટેસ્ટ સિરીઝ હારી નથી. ટીમે કાંગારૂઓને બે વખત ઘરઆંગણે અને બે વખત તેમના ઘરઆંગણે હરાવ્યું છે. દરેક વખતે જીતનું માર્જિન 2-1થી ભારતની તરફેણમાં હતું. ક્રિકેટ ઓસ્ટ્રેલિયા (CA)એ મંગળવારે 2024-25 સિઝન માટે શેડ્યૂલ જાહેર કર્યું. પ્રથમ ટેસ્ટ 22 નવેમ્બરે પર્થમાં રમાશે. આ પછી 6 ડિસેમ્બરથી એડિલેડમાં ડે-નાઈટ ટેસ્ટ રમાશે. ત્યારબાદ ત્રીજી ટેસ્ટ 14 ડિસેમ્બરથી બ્રિસ્બેનના ધ ગાબા મેદાન પર અને ચોથી ટેસ્ટ 26 ડિસેમ્બરથી મેલબોર્નમાં રમાશે. છેલ્લી ટેસ્ટ 3 જાન્યુઆરી 2025થી સિડનીમાં રમાશે. ભારત ઉપરાંત પાકિસ્તાનની ટીમ 3 ODI અને 3 T20 મેચની સિરીઝ માટે ઓસ્ટ્રેલિયા જશે.

### WTC 2023-25 સાઇકલમાં ભારતની છેલ્લી અવે સિરીઝ



WTCની એક સિઝનમાં, દરેક ટીમે 2 વર્ષના સમયગાળામાં 6 શ્રેણી રમવાની હોય છે, ત્રણ ઘરે અને ત્રણ ઘરની બહાર. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) 2023-25 સાઇકલમાં, ટીમ ઈન્ડિયા તેની છેલ્લી અવે સિરીઝ ઓસ્ટ્રેલિયા સામે જ રમશે. ભારતે વિદેશમાં દક્ષિણ આફ્રિકા અને વેસ્ટ ઈન્ડિઝનો પ્રવાસ કર્યો હતો. દક્ષિણ આફ્રિકામાં 2 ટેસ્ટ મેચની શ્રેણી 1-1થી ડ્રો રહી હતી. ભારતે વેસ્ટ ઈન્ડિઝ સામેની 2 ટેસ્ટ મેચની શ્રેણી 1-0થી જીતી લીધી છે. ભારતે હવે ઘરઆંગણે ન્યૂઝીલેન્ડ સામે 3 અને બાંગ્લાદેશ સામે 2 ટેસ્ટની શ્રેણી રમવાની છે. ઘરઆંગણે છેલ્લી 17 શ્રેણી જીતી ચૂકેલી ટીમ ઈન્ડિયા આ શ્રેણી જીતવાની પણ પ્રબળ દાવેદાર છે. ટીમ ઈન્ડિયાએ આ WTCની પહેલી હોમ સિરીઝ ઈંગ્લેન્ડ સામે 4-1થી જીતી હતી.

## સંસદમાં સૌથી વધુ હાજરી પૂરનારા ટોપ-20 સાંસદોની યાદી

# UP-બિહાર મોખરે, ગુજરાતનાં એક પણ સાંસદનો યાદીમાં સમાવેશ નહીં

### કોંગ્રેસના એકપણ સાંસદની 100 ટકા હાજરી નહીં

■ નવી દિલ્લી

દેશમાં લોકસભા ચૂંટણીની તારીખો જાહેર થઈ ગઈ છે, 19 એપ્રિલથી સાત તબક્કાની ચૂંટણી પ્રારંભ થશે. જોકે તે પહેલા ADR દ્વારા સંસદમાં સાંસદોની હાજરી અંગેનો મહત્વનો રિપોર્ટ જાહેર કરાયો છે. દેશમાં 16 જૂન-2024ના રોજ 17મી લોકસભાનો કાર્યકાળ પુરો થઈ રહ્યો છે. 18મી લોકસભા માટે દેશમાં 19 એપ્રિલથી સાત તબક્કામાં ચૂંટણીનો પ્રારંભ થશે, ત્યારે એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) અને નેશનલ ઈલેક્શન વોચ (NEW) દ્વારા 17 જૂન-2019થી 10 ફેબ્રુઆરી-2024 સુધીમાં સંસદમાં સાંસદોની કેટલી હાજરી પુરાઈ, તે અંગેનો રિપોર્ટ જાહેર કરાયો છે. રિપોર્ટ મુજબ 521 સાંસદોમાંથી માત્ર 20 સાંસદોએ જ સંસદમાં 97થી 100 ટકા હાજરી પુરાવી છે. આ 20 સાંસદોમાંથી ઉત્તર પ્રદેશના પાંચ, બિહારના ચાર, હરિયાણાના ત્રણ, મધ્યપ્રદેશ-તમિલનાડુના બે-બે, રાજસ્થાન, આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, મહારાષ્ટ્રના એક-એક સાંસદનો સમાવેશ થાય છે. જ્યારે આ યાદીમાં ગુજરાતના એક પણ સાંસદોનું નામ નથી. જે દર્શાવે છે કે લોકો હોંશે હોંશે મત આપીને મસમોટી લીડથી તેમને જીતાડીને સંસદમાં મોકલે છે. પરંતુ આ સાંસદો તો સંસદમાં 100 ટકા હાજર પણ રહેતા નથી અને તેમનો કોઈ સવાલ પણ ઉઠાવતા નથી. સંસદમાં 100 ટકા હાજરી ન હોવાનો અર્થ એ છે કે જે કામ માટે તેમની પસંદગી કરવામાં આવી છે તે કામમાં તેઓ નિષ્ફળ પુરવાર થયા છે. એટલે આવા નેતાઓ સાથે પ્રજાએ શું કરવું જોઈએ તેનો ઉપાય તો ચૂંટણીના સમયે મતથી આપવો જોઈએ

### સંસદમાં યોજાયેલી 273 બેઠકોમાં 20 સાંસદોની 97થી 100% હાજરી

| નામ | બેઠક | હાજરી | ટકાવારી | કેટલા સવાલ પૂછ્યા |
|---|---|---|---|---|
| ભગીરથ ચૌધરી | 273 | 273 | 100 | 178 |
| મોહન માંડવી | 273 | 273 | 100 | 93 |
| રમેશ ચંદર કૌશિક | 273 | 272 | 99.60 | 342 |
| ડૉ.ધલ સિંહ બિસેન | 273 | 271 | 99.30 | 169 |
| જગદંબિકા પાલ | 273 | 271 | 99.30 | 307 |
| સુનિલા દુગ્ગલ | 273 | 271 | 99.30 | 140 |
| સેંથિલ કુમાર | 273 | 270 | 98.90 | 461 |
| ધનુષ એમ.કુમાર | 273 | 270 | 98.90 | 437 |
| બ્રિજેન્દ્ર સિંહ | 273 | 269 | 98.50 | 155 |
| દિલેશ્વર કામત | 273 | 269 | 98.50 | 255 |
| રામાદેવી | 273 | 269 | 98.50 | 267 |
| ભોલાનાથ | 273 | 268 | 98.20 | 121 |
| જદોન ચંદ્ર સેન | 273 | 267 | 97.80 | 50 |
| સંઘમિત્રા મૌર્ય | 273 | 267 | 97.80 | 86 |
| મહાબલી સિંહ | 273 | 267 | 97.80 | 207 |
| મનોજ કોટક | 273 | 267 | 97.80 | 335 |
| રઘુ આર કાનુમુરુ | 273 | 267 | 97.80 | 341 |
| મહેન્દ્રસિંહ સોલંકી | 273 | 266 | 97.40 | 96 |
| રાજેન્દ્ર અગ્રવાલ | 273 | 266 | 97.40 | 212 |
| રાજીવ પ્રતાપ રૂડી | 273 | 266 | 97.40 | 240 |

### ચૂંટણી પંચે શનિવારે ચૂંટણીની તારીખો જાહેર કરી હતી

ચૂંટણી પંચે શનિવારે 16 માર્ચે દેશમાં લોકસભાની ચૂંટણીઓની તારીખો જાહેર કરવા ઉપરાંત કેટલાક રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓ અને પેટા-ચૂંટણીની પણ તારીખનો કાર્યક્રમ જાહેર કરી છે. દેશમાં લોકસભા ચૂંટણી માટે 19 એપ્રિલથી શરૂ થનાર મતદાન કુલ સાત તબક્કમાં યોજાશે, જ્યારે ચાર જૂને પરિણામ જાહેર કરાશે. આ ઉપરાંત ચાર રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી પણ યોજાવાની છે, તેમાં આંધ્રપ્રદેશમાં 13 મે, સિક્કમ અને અરૂણાચલ પ્રદેશમાં 19 એપ્રિલે, જ્યારે ઓડિશામાં ચાર તબક્કામાં 13 મે, 20 મે, 25 મે અને પહેલી જૂને મતદાન યોજાશે. જ્યારે ગુજરાતમાં પાંચ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી પણ 7 મેના રોજ જ મતદાન થશે. આ વખતની ચૂંટણીમાં દેશમાં કુલ 96.88 કરોડ મતદારો રજીસ્ટર્ડ થયા છે. ચૂંટણી પંચે આ તમામ ચૂંટણીઓનું પરિણામ ચાર જૂને જાહેર કરવાનો નિર્ણય લીધો હતો, જો કે બાદમાં સિક્કમ અને અરૂણાચલ પ્રદેશની તારીખોમાં ફેરફાર કરી બીજી જૂને પરિણામ જાહેર કરવાનો નિર્ણય કર્યો છે.



## NEWS FILE

### બ્રિટનમાં ભારતીય સમુદાયને રીઝવવા લેબર પાર્ટી સક્રિય



લંડનઃ બ્રિટનની લેબર પાર્ટીએ ભારતીય મૂળના લોકોની ઉપેક્ષા કરવાની ભૂલ સુધારવા માટે પ્રયાસો શરુ કરી દીધા છે. બ્રિટનમાં આ વર્ષના અંતમાં કે 2025ના પ્રારંભમાં ચૂંટણીઓ યોજાવાની છે ત્યારે લેબર પાર્ટીએ ભારત અને ભારતીય પ્રત્યેના પોતાના વલણમાં બદલાવ શરુ કર્યો છે. જેથી ભારતીય મૂળના લોકોનુ સમર્થન મળી શકે. લેબર પાર્ટીના પ્રમુખ કિયર સ્ટાર્મરે તેના ભાગરુપે હોળી નિમિત્તે ભારતીય સમુદાયને વિશેષ સંદેશો આપ્યો હતો. હોળી નિમિત્તે લંડનમાં યોજાયેલા એક કાર્યક્રમમાં લેબર પાર્ટી ચીફ પહોંચ્યા હતા અને તેમની સાથે લંડનના મેયર સાદિક ખાન તથા લેબર પાર્ટીના ટોચના નેતાઓ જોડાયા હતા.

### કેનેડામાં 'રેઈન ટેક્સ' ની જાહેરાત થતાં લોકોમાં આક્રોશ

ટોરન્ટો : કેનેડામાં રેઈન ટેક્સ લગાડવામાં આવશે. સરકારે આ ટેક્સની જાહેરાત કરી તેનાથી લોકોમાં આક્રોશ છે. વરસાદનું જેટલું પાણી ગટરમાં જશે એટલો વધારે ટેક્સ લોકોએ ચૂકવવો પડશે. કેનેડાના નાગરિકો અત્યારે પણ પાણી પર ટેક્સ ચૂકવે છે. એમાં વરસાદી ટેક્સની જાહેરાત થતાં લોકો પર મોટો આર્થિક બોજ આવશે. ટેક્સ ક્યારે શરૂ થશે તે બાબતે હજુ સ્પષ્ટતા કરવામાં આવી નથી. ઘણાં સમયથી આ અંગે વિચારણા ચાલતી હતી. ટોરન્ટો, ઓટાવા સહિત કેનેડાના મોટાભાગના શહેરોમાં સ્ટોર્મવોટર મેનેજમેન્ટ એક મોટી સમસ્યા છે.

### બિહારમાં RJD-26,કોંગ્રેસ-9, ડાબેરી-5 પર ચૂંટણી લડશે



પટનાઃ બિહારમાં લાંબી ખેંચતાણ બાદ આખરે I.N.D.I.A ગઠબંધનની બેઠકોની વહેંચણી કરવામાં આવી છે. પટનામાં આરજેડી કાર્યાલયમાં સંયુક્ત પત્રકાર પરિષદમાં આ જાહેરાત કરવામાં આવી હતી. આરજેડી 26 બેઠકો પર ચૂંટણી લડશે, જ્યારે કોંગ્રેસને 9 અને ડાબેરીઓને 5 બેઠકો મળી છે. પાંચ ડાબેરી બેઠકોમાંથી માલે 3 પરથી, સીપીઆઈ બેગુસરાઈથી અને સીપીએમ ખાગરિયાથી ચૂંટણી લડશે. સૌથી મોટી સમસ્યા પૂર્ણિયા બેઠકની હતી. આ સીટ હવે આરજેડીના ખાતામાં છે. જેના કારણે પપ્પુ યાદવનું પત્તું કપાઈ ગયું છે. જેડીયુમાંથી આરજેડીમાં આવેલી બીમા ભારતી આ સીટ પર મહાગઠબંધનના ઉમેદવાર હશે.

## H-1B વિઝા માટે ટૂંક સમયમાં શરૂ થશે લોટરી સિસ્ટમ

### અનેક ભારતીયોને લોટરી સિસ્ટમનો ફાયદો થવાની શક્યતા

■ વોશિંગ્ટન

અમેરિકાની સરકાર ટૂંક સમયમાં H-1B વિઝાના લાભાર્થીઓ માટે લોટરીનો પહેલો રાઉન્ડ શરૂ કરવા જઈ રહી છે. અમેરિકી નાગરિકતા અને ઈમિગ્રેશન સેવાઓ (USCIS) H-1B વિઝા માટે પહેલા જમા કરવામાં આવેલા ઈલેક્ટ્રોનિક અરજીમાંથી લોટરીની માધ્યમથી અરજીને પસંદવામાં આવશે.H-1B વીઝાના રજિસ્ટ્રેશન તાજેતરમાં જ બંધ થઈ ગયા છે. નાણા વર્ષ 2025 માટે H-1B વિઝાના શરૂઆતી રજિસ્ટ્રેશનની અંતિમ તારીખ 22 માર્ચ હતી. જોકે બાદમાં આને વધારીને 25 માર્ચ કરી દેવામાં આવ્યા હતા. USCIS એ જાહેરાત કરી છે કે ટૂંક સમયમાં લોટરીની તારીખનું એલાન કરવામાં આવશે. H-1B વિઝાની માંગ સૌથી વધુ છે, તેથી અમેરિકી એજન્સી લોટરી સિસ્ટમનો ઉપયોગ કરે છે. અમેરિકા દર વર્ષે 85 હજાર લોકોને H-1B વિઝા જારી કરે છે.




# બ્રિટનમાં નવા વિઝા નિયમથી સંકટ સર્જાશે

## « શિક્ષક, શેફ અને નર્સના માર્ગમાં મુશ્કેલી

### 41 લાખ પગાર હશે તો જ સ્કિલ્ડ વર્કરને પ્રવેશ, 2 લાખ ભારતીયોને અસર થવાની શક્યતા

■ લંડન

બ્રિટનના ભારતવંશી વડાપ્રધાન ઋષિ સુનક પ્રવાસીઓને લઈને સતત સખત પગલાં લઈ રહ્યાં છે. બ્રિટનમાં 4 એપ્રિલથી મિડ લેવલ ટીચર, શેફ, નર્સ અને કેરગિવર્સને ત્યારે જ સ્કિલ્ડ વર્ક વિઝા માટે પ્રવેશ મળશે જ્યારે તેઓનો વાર્ષિક પગાર 41 લાખ રૂપિયા હશે. અત્યાર સુધી આ મર્યાદા 27.50 લાખ રૂપિયા હતી. સુનક સરકારે પગારની મર્યાદા લગભગ બમણી કરીને બ્રિટનમાં નોકરી ઈચ્છતા ભારતીયો માટેનો રસ્તો વધુ પડકારજનક બનાવ્યો છે. મિડ લેવલ જૉબ્સ માટે બ્રિટન આવનારા લગભગ 2 લાખ ભારતીયો પર તેની અસર પડવાની આશંકા છે. જોકે તાજેતરમાં સ્કિલ્ડ વર્ક વિઝા હેઠળ અરજી કરનારા આઈટી પ્રોફેશનલના પગારધોરણની મર્યાદા 35 લાખથી 52 લાખ રૂપિયા કરાઈ હતી.




### ફેમિલી વિઝા માટે પગારમર્યાદામાં 56%નો વધારો

**ત્રણ વર્ષમાં 8.5 લાખ ભારતીયને પાછા ફરવું પડશે** મિડ લેવલ વર્કરો પર નવા નિયમો લાગુ થવાથી ત્રણ વર્ષમાં લગભગ આઠ લાખથી વધુ ભારતીય કામદારોને બ્રિટનથી સ્વદેશ પરત ફરવું પડી શકે છે. બ્રિટનમાં અત્યારે તેઓ ત્રણ વર્ષના વિઝા પર છે. તેમનો સરેરાશ પગાર 28 લાખ છે, દરમિયાન આ વર્કરોના સ્કિલ્ડ વિઝા રિન્યૂ નહીં થાય, જેથી વાપસી કરવી પડશે.

ભારતીય સ્કિલ્ડ વર્કરો માટે ફેમિલી વિઝા મેળવવા માટે પગારની મર્યાદા 56% વધારવામાં આવી છે. પહેલાં બ્રિટનમાં 19.50 લાખ રૂપિયા વાર્ષિક કમાણી કરતા ભારતીય ફેમિલી વિઝા માટે અરજી કરી શકતા હતા, હવે આ મર્યાદા વધારીને 30.50 લાખ રૂપિયા કરાઈ છે. આ નિયમો 11 એપ્રિલથી લાગુ થશે. સાથે જ નેશનલ હેલ્થ સ્કીમ હેઠળ એનરોલ થવા માટે ભારતીય સ્કિલ્ડ વિઝાધારકો માટે 65 હજારની વાર્ષિક ફીને વધારીને 1 લાખ 10 હજાર રૂપિયા કરાઈ છે. એનએચએસ ફીને પણ વધારીને પ્રવાસી પરિવારોના પ્રવેશ પર રોકનો ઈરાદો છે.